
MANOGAT • Year-39 • Issue-19 • 10 January 2021 • Magsar Vad 12, Samva 2077 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28






# મનોગત





**૨૪ કલાક**
**૩૬૫ દિવસ**
**જનતાની પડખે**
**ચોકીદારની જેમ**
**ઊભું રહેવું**
**એ આપણા સૌની**
**જવાબદારી છે**
**- શ્રી જે. પી. નડ્ડાજી**

## ભાજપા પ્રદેશ પ્રમુખશ્રી સી. આર. પાટીલ દ્વારા જાહેર થયેલ સંગઠનના પ્રદેશ હોદ્દેદારશ્રીઓ

| ક્રમ | પદાધિકારીશ્રીનું નામ | જવાબદારી |
|---|---|---|
| ૧ | શ્રી ગોરધનભાઈ ઝડફીયા | પ્રદેશ ઉપપ્રમુખશ્રી |
| ૨ | શ્રી જયંતિભાઈ કવાડિયા | પ્રદેશ ઉપપ્રમુખશ્રી |
| ૩ | શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા | પ્રદેશ ઉપપ્રમુખશ્રી |
| ૪ | શ્રી નંદાજી ઠાકોર (પાટણ) | પ્રદેશ ઉપપ્રમુખશ્રી |
| ૫ | શ્રી કૌશલ્યાકુંવરબા પરમાર | પ્રદેશ ઉપપ્રમુખશ્રી |
| ૬ | શ્રી જનકભાઈ બગદાણાવાળા | પ્રદેશ ઉપપ્રમુખશ્રી |
| ૭ | શ્રીમતી વર્ષાબેન દોશી | પ્રદેશ ઉપપ્રમુખશ્રી |
| ૮ | શ્રી ભીખુભાઈ દલસાણિયા | પ્રદેશ મહામંત્રીશ્રી (સંગઠન) |
| ૯ | શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ | પ્રદેશ મહામંત્રીશ્રી |
| ૧૦ | શ્રી રજનીભાઈ પટેલ | પ્રદેશ મહામંત્રીશ્રી |
| ૧૧ | શ્રી પ્રદીપસિંહ વાઘેલા | પ્રદેશ મહામંત્રીશ્રી |
| ૧૨ | શ્રી વિનોદભાઈ ચાવડા | પ્રદેશ મહામંત્રીશ્રી |
| ૧૩ | શ્રી મહેશભાઈ કસવાલા | પ્રદેશ મંત્રીશ્રી |
| ૧૪ | શ્રી રઘુભાઈ હુંબલ (સુરત) | પ્રદેશ મંત્રીશ્રી |
| ૧૫ | શ્રી પંકજભાઈ ચૌધરી (મહેસાણા) | પ્રદેશ મંત્રીશ્રી |
| ૧૬ | શ્રીમતી શિતલબેન સોની (નવસારી) | પ્રદેશ મંત્રીશ્રી |
| ૧૭ | શ્રી ઝવેરભાઈ ઠકરાર | પ્રદેશ મંત્રીશ્રી |
| ૧૮ | શ્રીમતી નૌકાબેન પ્રજાપતિ | પ્રદેશ મંત્રીશ્રી |
| ૧૯ | શ્રીમતી જહાનવીબેન મુકેશભાઈ વ્યાસ (નડીયાદ) | પ્રદેશ મંત્રીશ્રી |
| ૨૦ | શ્રીમતી કૈલાશબેન અર્જુનભાઈ પરમાર (દાહોદ) | પ્રદેશ મંત્રીશ્રી |
| ૨૧ | શ્રી સુરેન્દ્રભાઈ પટેલ | પ્રદેશ કોષાધ્યક્ષશ્રી |
| ૨૨ | શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ (કર્ણાવતી) | પ્રદેશ સહ કોષાધ્યક્ષશ્રી |





Year : 39, Issue : 19, Pages : 28

## તંત્રીસ્થાનેથી

# નેપાળના મહારાજાનો પ્રસ્તાવ અને નહેરુનો અસ્વીકાર

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. પ્રણવ મુખર્જીએ તેમની આત્મકથા 'ધી પ્રેસિડેન્સિયલ યર્સ'માં એક બહુ મહત્ત્વની વાત લખી છે જે આજકાલ ચર્ચામાં છે. પ્રણવદાએ લખ્યું છે કે - 'ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુએ નેપાળના રાજા ત્રિભુવનબીર વિક્રમના નેપાળને ભારતમાં જોડી દેવાના પ્રસ્તાવને ઠુકરાવ્યો હતો.' આ વાત પ્રણવદાએ પોતે લખી છે. પ્રણવદા પોતે કોંગ્રેસી નેતા હતા. વિદેશનીતિના પણ પ્રખર જ્ઞાતા હતા. તેમણે જ લખેલા આ શબ્દો પોતે જ નહેરુએ કરેલી ભૂલોની પરંપરામાં અત્યંત મહત્ત્વનો આ નવો મુદ્દો ઉજાગર કરે છે.

આ સંદર્ભે જે પ્રશ્નો ઊભા થાય છે તે એ છે કે -

(૧) નેપાળ ભારતમાં ભળવા માંગતું હતું તો નહેરુએ કયા કારણથી તેને ભેળવ્યું નહીં ?

(૨) નેપાળની આ ઇચ્છા તેમણે સરદાર પટેલને કેમ ન જણાવી ?

(૩) હિંદુ રાષ્ટ્ર ભારતમાં ભળશે - એમાં નહેરુની બિનસાંપ્રદાયિકતાની દંભી નીતિ વચ્ચે આવી હતી ?

(૪) નેપાળ ભળી ગયું હોત તો આજે ચીન સાથે આપણી સીધી બોર્ડર હોત - આ પરોક્ષ બોર્ડરમાં દેશના વધી ગયેલા સંરક્ષણ બજેટ માટે ખરેખર જવાબદાર કોણ ?

આ દેશ આઝાદી વખતથી ચીનના વિસ્તારવાદથી પરિચિત છે. ચીનને સ્પર્શતી બોર્ડરમાં નેપાળમાં અત્યારે ચાલી રહેલી ચીન સંચાલિત સામ્યવાદીઓની હલચલથી પણ આપણે સુપરિચિત છીએ. નેપાળના મહારાજા એ સમયે નેપાળ (હિંદુ રાષ્ટ્ર)ને ભારતના એક રાજ્ય તરીકે ભારતમાં ભેળવવા તૈયાર હતા તો એ વખતે નહેરુએ કરેલો અસ્વીકાર નેહરુની વિદેશનીતિ સંદર્ભેની ટૂંકી દૃષ્ટિ તો દર્શાવે જ છે સાથે સાથે દંભી બિનસાંપ્રદાયિકતાની બાબત પણ સ્પષ્ટપણે પુરવાર કરે છે.

મારી દૃષ્ટિએ કાશ્મીરના જોડાણ વખતે ૩૭૦મી કલમ, નેપાળનો અસ્વીકાર, તિબેટ વખતની નહેરુની સહમતી, હિન્દી-ચીની ભાઈ-ભાઈનો દંભ - નહેરુની આવી અનેક ભૂલોના મૂળમાં નહેરુ આ દેશના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના આત્માને સમજી જ શક્યા ન હતા તે સત્ય પ્રગટપણે પુરવાર કરે છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક :
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.,** 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



**શ્રી જે. પી. નડ્ડાજી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે**




# જનતાનો ભાજપા સરકારની કામગીરીનો વિશ્વાસ ચૂંટણી પરિણામોમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે પેજસમિતિ એ ચૂંટણીમાં સફળતા મેળવવાનો રસ્તો છે - શ્રી જે. પી. નડ્ડાજી




ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડાજી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે પધાર્યા હતા ત્યારે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે તેમનું પરંપરાગત નૃત્ય, ઢોલ-નગારાના નાદ તેમજ 'ભારત માતા કી જય'ના નારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપા કાર્યાલય ખાતે પ્રદેશ બેઠક યોજાઈ હતી. બેઠક શરૂ થયા પૂર્વે ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડાજીનું પુષ્પગુચ્છ, પુસ્તક આપી, શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર પાટીલ, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી બી.એલ.સંતોષજી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, ભાજપાના રાષ્ટ્રીય સહ-સંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષા ડો. ભારતીબહેન શિયાળ, ગુજરાતના સહ પ્રભારીશ્રી સુધીર ગુપ્તા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ/અગ્રણીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, જિલ્લા ભાજપા પ્રમુખશ્રીઓ તેમજ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીએ તેમના અધ્યક્ષીય સંબોધનમાં જણાવ્યું હતું કે, ભાજપાના ઉત્થાનનું ઉદ્ગમસ્થાન ગુજરાત છે, સંગઠનની રીતિ-નીતિ અને કાર્યશૈલી અને સરકારની ઉત્કૃષ્ટ કામગીરીના સમન્વયનું જીવંત ઉદાહરણ ગુજરાત છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૯૮૯માં દિલ્હીમાં સંગઠનનું કાર્ય કરતા ત્યારથી તેમની સાથે કામ કરવાનો અવસર મળ્યો છે. આજે અનેક ઉતાર-ચઢાવ બાદ પરિશ્રમની પરાકાષ્ઠાના ફળસ્વરૂપે ભાજપા વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે. ૨૪ કલાક ૩૬૫ દિવસ જનતાની પડખે ચોકીદારની જેમ ઊભું રહેવું એ આપણા સૌની જવાબદારી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયમાં શરૂ થયેલી ગુજરાતની વિકાસયાત્રા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં સતત આગળ વધી રહી છે. જનતાનો ભાજપા સરકારની કામગીરીનો વિશ્વાસ ચૂંટણી પરિણામોમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે.

શ્રી જે.પી.નડ્ડાજીએ વૈશ્વિક મહામારી કોરોનાના સંદર્ભે જણાવ્યું હતું કે, ગત વર્ષ સમગ્ર વિશ્વ માટે 'યર ઓફ ક્રાઈસીસ' રહ્યું, અમેરિકા બ્રિટન યુરોપના અન્ય દેશો, વિશ્વના અનેક શક્તિશાળી



દેશો લડખડાઈ ગયા, પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે મજબૂતાઈથી પરિસ્થિતિનો સામનો કર્યો અને આપત્તિને આશીર્વાદમાં પરિવર્તિત કરી. આત્મનિર્ભર ભારતના નિર્માણની પરિકલ્પના કોરોનાકાળમાં જ વધુ મજબૂત બની. કોરોના મહામારીકાળમાં પ્રધાનમંત્રીશ્રીએ મજબૂત નિર્ણયકશક્તિ સાથે જે સૂઝબૂજભર્યા નિર્ણયો લીધા તેની પ્રશંસા વિશ્વ આરોગ્ય સંસ્થા સહિત વિશ્વના અનેક દેશોએ કરી છે. ૧૩૦ કરોડની વસ્તી ધરાવતા આપણા દેશમાં વૈશ્વિક મહામારી કોરોના સામેની લડત મજબૂતાઈ અને મક્કમતાથી સકારાત્મકતા સાથેના સફળ પ્રયાસો કરી લડવી એ કોઈ સાધારણ બાબત નથી. કોરોના સામેની લડાઈમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે તે વાતનો મને આનંદ છે. વિશ્વભરના દેશો વેક્સિન બનાવવાના પ્રયાસો કરી રહ્યા છે ત્યારે દેશની બે સ્વદેશી વેક્સિનને મંજૂરી મળી છે તે આનંદની વાત છે.

આજે મને ગુજરાત સહિત દેશના પ્રત્યેક ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા પર ગર્વ છે, દેશમાં લોકડાઉન લાગુ થવાની સાથે સાથે દેશની ઘણી રાજકીય પાર્ટીઓ પણ લોકડાઉન થઈ ગઈ, ફક્ત ભાજપાના કાર્યકર્તાઓએ જન સામાન્યની સેવામાં કમર કસીને 'સેવા હી સંગઠન'ના ભાવ સાથે દિવસ-રાત સેવાયજ્ઞ કર્યો. દુર્ભાગ્યપૂર્ણ છે કે, આજે રાજકીય વિરોધીઓ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિરોધ કરતાં કરતાં દેશનો વિરોધ કરવા લાગ્યા છે. દેશની જનતાને ભાજપાના સબળ નેતૃત્વ પર વિશ્વાસ છે એટલા માટે જ કોરોનાકાળમાં પણ દેશભરમાં યોજાઈ રહેલી ચૂંટણીઓમાં દેશની જનતા ભાજપાને ભવ્ય વિજય અપાવી રહી છે.

**ટૂંક સમયમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે આજે શ્રી જે.પી.નડ્ડાજીના આગમનથી ભાજપાના કાર્યકર્તાઓમાં ભાજપાના વિજયને વધુ ભવ્ય બનાવવા નવો આત્મવિશ્વાસ ફૂંકાયો છે**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં દેશભરમાં યોજાયેલી વિવિધ ચૂંટણીઓમાં જેમના માર્ગદર્શનથી ભાજપાને ભવ્ય વિજય પ્રાપ્ત થયો છે તેવા ભાજપાના યશસ્વી રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીનું સમગ્ર ગુજરાતની જનતા વતી હાર્દિક સ્વાગત કરું છું. ટૂંક સમયમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે આજે શ્રી જે.પી.નડ્ડાજીના આગમનથી ભાજપાના કાર્યકર્તાઓમાં ભાજપાના વિજયને વધુ ભવ્ય બનાવવા નવો આત્મવિશ્વાસ ફૂંકાયો છે. એક તરફ ભાજપ પાસે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજી, કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહનું સબળ નેતૃત્વ છે તો બીજી તરફ કોંગ્રેસ નેતૃત્વવિહીન છે, ડૂબતું નાવ છે, કોંગ્રેસમાં બધું અસ્તવ્યસ્ત છે. આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અતિ મહત્ત્વની છે, આ ચૂંટણીઓ બાદ દૂરબીનથી શોધીએ તો પણ ન જડે તે પ્રકારની સ્થિતિ કોંગ્રેસની થવાની છે. ભાજપના કાર્યકર્તાઓના નિષ્ઠાપૂર્વકના અથાક પરિશ્રમ અને સરકારની પ્રજાલક્ષી કામગીરીના ફળસ્વરૂપે ભાજપનો વિજય નિશ્ચિત છે.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત હંમેશા દેશનું રોલમોડલ રહ્યું છે. ભૂતકાળમાં ગુજરાતની ધરતીના બે પનોતા પુત્રો મહાત્મા ગાંધી અને શ્રી સરદાર પટેલે દેશને સ્વરાજ્ય અપાવ્યું અને આજે ગુજરાતના બે સપૂતો દેશને સુરાજ્ય તરફ આગળ લઈ જઈ રહ્યા છે. દેશમાં ભાજપાના નેતૃત્વમાં મૂલ્યનિષ્ઠ રાજનીતિનો ઉદય થઈ રહ્યો છે, વૈચારિક લડાઈ સાથે આપણા પૂર્વજોએ કરેલા ત્યાગ, તપસ્યા અને બલિદાન એળે ન જાય, આદર્શ ભારતનું નિર્માણ થાય, ભારતમાતા જગતજનની બને તે દિશામાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કાર્ય કરી રહ્યા છે. રાજ્યમાં ભાજપાની સરકાર દ્વારા ખેડૂતો, મહિલાઓ, યુવાનો, આદિવાસીઓ એમ તમામ વર્ગ માટે અનેક યોજનાઓ અમલમાં છે, શાંત, સલામત અને સમૃદ્ધ ગુજરાત માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્યનાં તમામ ગામમાં ખેડૂતોને રાતની જગ્યાએ દિવસે વીજળી આપવાની મહત્ત્વાકાંક્ષી કિસાન સૂર્યોદય યોજનાનો પણ રાજ્યમાં અમલ શરૂ થઈ ચૂક્યો છે. ભાજપની સરકારમાં ગુજરાત 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની સાથે સાથે 'ઈઝ ઓફ લિવિંગ'ની બાબતમાં પણ અગ્રેસર થઈ રહ્યું છે.



કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવ્યા બાદની પ્રથમ ચૂંટણીમાં ભાજપાને જનતાએ સૌથી વધુ બેઠકો આપી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે બીડું ઉપાડેલ રાજ્યભરની પેજ કમિટીના કાર્યને વધુ વેગ આપી ઝડપથી પૂર્ણ કરવા માટે આહ્‌વાન કરતાં શ્રી નડ્ડાજીએ જણાવ્યું હતું કે, પેજસમિતિ એ ચૂંટણીમાં સફળતા મેળવવાનો રસ્તો છે. વિધાનસભાની પેટાચૂંટણીમાં ભૂતકાળમાં આઠેઆઠ કોંગ્રેસની રહેલી વિધાનસભા બેઠકો પર ભાજપાને ભવ્ય વિજય અપાવવા બદલ હું ગુજરાત ભાજપાના પ્રદેશ નેતૃત્વ અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવું છું અને આ જ પ્રમાણેના લેન્ડસ્લાઈડ વિજયનાં ચૂંટણી પરિણામો આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ મળે તે માટે ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાને શુભેચ્છાઓ આપું છું.

રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી બી.એલ. સંતોષજીએ બેઠકમાં ઉપસ્થિત સૌને વિવિધ મુદ્દે સંગઠનાત્મક વિષયો ઉપર તેમજ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અનુસંધાને ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કોરોનાકાળમાં પણ જનતાની પડખે રહી ઉત્તમ કામગીરી કરવા બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલને અભિનંદન પાઠવ્યાં હતાં.


ફેમ ઇન્ડિયા મેગેઝીન અને એશિયા પોસ્ટ એજન્સી દ્વારા દેશભરના સાંસદોમાંથી શ્રેષ્ઠતમ કામગીરી કરતા ૨૫ સાંસદોની પસંદગી માટે વિવિધ માપદંડોથી કરેલા સંયુક્ત સર્વેમાં દેશના સૌથી પ્રભાવશાળી સાંસદ તરીકે ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી અને નવસારીના લોકપ્રિય સાંસદશ્રી સી.આર.પાટીલની પસંદગી થવા બદલ આજની બેઠકમાં ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજીની વિશેષ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પુષ્પગુચ્છ આપી અને શાલ ઓઢાડી ભાજપના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલનું સન્માન કર્યું હતું. કોરોના મહામારીકાળ દરમિયાન રાજ્યની ભાજપા સરકાર દ્વારા કરાયેલી કામગીરી અને કિસાન સૂર્યોદય યોજના અંગેનું પ્રેઝન્ટેશન બેઠકમાં ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું.

## રાજ્યમાં ભાજપાના મજબૂત સંગઠનની તાકાત અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી કામગીરીથી આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ઐતિહાસિક વિજયની ભેટ ગુજરાત ભાજપા શ્રી જે. પી. નડ્ડાજીને અર્પણ કરશે - શ્રી સી. આર. પાટીલ



ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ગુજરાત ભાજપના પ્રત્યેક કાર્યકર્તા વતી ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડાજીનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું અને જણાવ્યું હતું કે, રાજ્યમાં ભાજપાના મજબૂત સંગઠનની તાકાત અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી કામગીરીથી આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ઐતિહાસિક વિજયની ભેટ ગુજરાત ભાજપા શ્રી જે. પી. નડ્ડાજીને અર્પણ કરશે. આઠેઆઠ કોંગ્રેસની બેઠકો જીતાડીને ભાજપના કાર્યકર્તાઓએ પોતાની તાકાતનો પરચો આપી દીધો છે, નાગરિકોને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે વિશ્વાસની લાગણી છે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કોરોનાકાળમાં કરેલી સફળ કામગીરી પણ જનતાએ પ્રત્યક્ષ નિહાળી છે.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યભરમાં ભાજપાના કાર્યકર્તાઓ ઘર ઘર સંપર્ક કરીને ફોટો સાથેની પેજસમિતિના કાર્યને પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યા છે. પેજસમિતિના સભ્યોની તાકાતથી મતદારયાદીના પ્રત્યેક પેજ પર વિજય મેળવી બુથ જીતવાથી કોઈ પણ ચૂંટણીમાં ભવ્ય વિજય પ્રાપ્ત થઈ શકે છે. ભાજપના સિનિયર નેતાઓ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓએ પણ તેમની પેજ સમિતિનું કાર્ય પૂર્ણ કર્યું છે તે બદલ હું સૌને આભાર સહ અભિનંદન પાઠવું છું. રાજ્યના ડોક્ટર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, શિક્ષકો સહિતના બુદ્ધિજીવી વર્ગના નાગરિકોએ પણ પેજ સમિતિના સભ્ય બનીને આ અભિયાનને સમર્થન આપ્યું છે, તે આનંદનો વિષય છે. વિકાસના મોડેલ સ્ટેટ બાદ હવે સંગઠનની દૃષ્ટિએ પણ ગુજરાતનું સંગઠન દેશમાં શ્રેષ્ઠ બને, મોડેલ બને તે દિશામાં સૌને સાથે રાખીને ગુજરાત ભાજપા આગળ વધી રહ્યું છે.



## પ્રધાનમંત્રી કિસાન અંતર્ગત હપ્તાની ચુકવણી પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન



# આત્મનિર્ભર ખેડૂત જ આત્મનિર્ભર ભારતનો પાયો નાંખી શકે છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

સમગ્ર દેશમાંથી જોડાયેલાં મારાં ખેડૂત ભાઈ-બહેનો,

આ કાર્યક્રમમાં દેશના અલગ-અલગ સ્થળોએથી જોડાયેલા કેન્દ્ર સરકારના મંત્રીમંડળ, રાજ્ય સરકારોના મંત્રીગણ, પંચાયતથી માંડીને સંસદ સુધી ચૂંટાયેલા તમામ જનપ્રતિનિધિએ તમામ ગામડાંઓમાં જઈને ખેડૂતોની વચ્ચે બેઠા છે. હું આપ સૌને અને મારા ખેડૂતભાઈઓ અને બહેનોને મારા તરફથી નમસ્કાર કરું છું.

ખેડૂતના જીવનમાં ખુશી આવે તે આપણા સૌનો આનંદ વધારી દે છે. આજનો દિવસ તો ખૂબ જ પવિત્ર દિવસ પણ છે. ખેડૂતોને આજે જે સન્માન નિધિ મળી છે તેની સાથે જ આજનો દિવસ અનેક અવસરોનો સંગમ બનીને આવ્યો છે. તમામ દેશવાસીઓને આજે નાતાલ માટે પણ ખૂબ ખૂબ શુભકામના પાઠવું છું. મારી એવી શુભેચ્છા છે કે નાતાલનો આ તહેવાર વિશ્વમાં પ્રેમ, શાંતિ અને સદ્‌ભાવ ફેલાવે.

સાથીઓ, આજે મોક્ષદા એકાદશી છે, ગીતા જયંતી છે, આજના જ દિવસે ભારત રત્ન મહામના મદનમોહન માલવીયજીની જયંતી પણ છે અને દેશના મહાન કર્મયોગી અમારા પ્રેરણાપુરુષ સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીજીની પણ આજે જન્મ જયંતી છે. તેમની સ્મૃતિમાં દેશ આજે ગુડ ગવર્નન્સ ડે પણ મનાવી રહ્યો છે.

### અટલજીએ પણ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્ર પ્રત્યે પોતાનાં કર્મની પૂરી નિષ્ઠા સાથે નિભાવવામાં સમર્પિત કર્યું હતું

સાથીઓ, અટલજીએ ગીતાના સંદેશને અનુરૂપ જીવન જીવવાનો લગાતાર પ્રયાસ કર્યો હતો. ગીતામાં કહેવામાં આવ્યું છે કે स्वे स्वे कर्मणि अभिरत: संसिद्धिम् लभते नरः ।નો અર્થ થાય છે કે જે પોતાના સ્વાભાવિક કર્મો તત્પરતા સાથે કરે છે તેને સિદ્ધિ મળે છે. અટલજીએ પણ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્ર પ્રત્યે પોતાનાં કર્મની પૂરી નિષ્ઠા સાથે નિભાવવામાં સમર્પિત કર્યું હતું. સુશાસન હોય કે ગુડ ગવર્નન્સ (સુશાસન) હોય, તેને અટલજીએ ભારતની રાજનીતિ અને સામાજિક વિમર્શનો હિસ્સો બનાવ્યો. ગામડાં અને ગરીબના વિકાસને અટલજી સૌથી વધુ પ્રાથમિકતા આપતા હતા. ગ્રામ સડક યોજના હોય કે પછી સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના હોય, અંત્યોદય યોજના હોય કે પછી સર્વ શિક્ષા અભિયાન હોય, રાષ્ટ્રના જીવનમાં સાર્થક બદલાવ લાવનારાં અનેક કદમ અટલજીએ ઉઠાવ્યાં હતાં. આજે સમગ્ર દેશ તેમનું સ્મરણ કરી રહ્યો છે, અટલજીને નમન કરી રહ્યો છે. આજે જે કૃષિસુધારા દેશમાં અમલી બનાવ્યા છે તેના સૂત્રધાર પણ એક રીતે કહીએ તો અટલજી બિહારી વાજપેયીજી જ હતા.

### ભ્રષ્ટાચારને રાષ્ટ્રીય રોગ માનતા હતા

સાથીઓ, અટલજી ગરીબના હિતમાં, ખેડૂતના હિતમાં, બનનારી તમામ યોજનાઓમાં થતા ભ્રષ્ટાચારને



રાષ્ટ્રીય રોગ માનતા હતા. આપ સૌને યાદ હશે કે તેમણે એક વખત અગાઉની સરકારો ઉપર કટાક્ષ કરતાં કરતાં એક પૂર્વ પ્રધાનમંત્રીની વાતની યાદ અપાવી હતી અને તે યાદ અપાવતાં તેમણે કહ્યું હતું કે રૂપિયો ચાલે છે, તો ઘસાય છે. ઘસાય છે તો હાથમાં વાગે છે અને ધીરે ધીરે ખિસ્સામાં ચાલ્યો જાય છે. મને સંતોષ છે કે આજે રૂપિયો ઘસાતો નથી અને નથી કોઈ ખોટા હાથમાં જતો. દિલ્હીથી ગરીબ માટે જે રૂપિયો નીકળે છે તે તેના બેંકના ખાતામાં સીધો જ પહોંચે છે. હમણાં અમારા કૃષિમંત્રી નરેન્દ્રજી તોમરે આ વિષયે વિસ્તારથી આ વાતને તમારી સામે મૂકી છે. પીએમ કિસાન સન્માન નિધિ તેનું જ એક ઉત્તમ ઉદાહરણ છે.

**૯ કરોડ કરતાં વધુ ખેડૂત પરિવારોના બેંકનાં ખાતાંમાં સીધા, એક કોમ્પ્યુટર ક્લીકથી અઢાર હજાર કરોડ રૂપિયાથી પણ વધુ રકમ તે ખેડૂતોના બેંકના ખાતામાં જમા થઈ ચૂકી છે**


આજે દેશના ૯ કરોડ કરતાં વધુ ખેડૂત પરિવારોના બેંકનાં ખાતાંમાં સીધા, એક કોમ્પ્યુટર ક્લીકથી અઢાર હજાર કરોડ રૂપિયાથી પણ વધુ રકમ તે ખેડૂતોના બેંકના ખાતામાં જમા થઈ ચૂકી છે. જ્યારથી આ યોજના શરૂ થઈ છે ત્યારથી ૧ લાખ ૧૦ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ ખેડૂતોનાં ખાતાંમાં પહોંચી ચૂકી છે અને તે જ તો ગુડ ગવર્નન્સ છે. આ જ તો ગુડ ગવર્નન્સનો ટેક્નોલોજી મારફતે ઉપયોગ કરવામાં આવ્યો છે. ૧૮ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ ક્ષણભરમાં, કેટલીક જ પળોમાં ખેડૂતોનાં બેંકનાં ખાતાંમાં સીધા જમા થઈ ગઈ છે. કોઈ કમિશન નહીં, કોઈ કપાત નહીં, કોઈ હેરાફેરી નહીં, ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પીએમ કિસાન સન્માન યોજનામાં તેને સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે કોઈ લીકેજ ના થાય. રાજ્ય સરકારોના માધ્યમથી ખેડૂતોનું ઓનલાઇન રજિસ્ટ્રેશન થયા પછી તેમના આધાર નંબર અને બેંકનાં ખાતાંઓની ચકાસણી થયા પછી જ આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરંતુ મને આજે એ વાતનો અફસોસ છે કે સમગ્ર ભારતના ખેડૂતોને આ યોજનાનો લાભ મળી રહ્યો છે, તમામ વિચારધારા ધરાવતી સરકારો તેમાં જોડાઈ છે, પરંતુ એક માત્ર પશ્ચિમ બંગાળ સરકારમાં ત્યાંના ૭૦ લાખ કરતાં વધુ મારાં કિસાન ભાઈ- બહેનોને બંગાળમાં આ યોજનાનો લાભ મળી શકતો નથી, કારણ કે બંગાળની સરકાર પોતાનાં રાજનીતિક કારણોથી તેમના રાજ્યના ખેડૂતોને ભારત સરકારના જે પૈસા મળવાના છે તેમાં રાજ્ય સરકારે એક કોડીનો પણ ખર્ચ કરવાનો નથી, પરંતુ આ પૈસા તેમને મળી રહ્યા નથી. ઘણા ખેડૂતોએ ભારત સરકારને સીધો પત્ર પણ લખ્યો છે, પરંતુ તેને માન્યતા આપવામાં આવતી નથી, એટલે કે તમે કલ્પના કરી શકો છો કે કેટલા લાખ ખેડૂતો આ યોજનાનો લાભ લેવા માટે અરજી કરીને ઓનલાઇન આવેદન પત્ર આપી ચૂક્યા છે, પરંતુ ત્યાની રાજ્ય સરકાર તેને પણ અટકાવીને બેઠી છે.

**એક એવી રાજનીતિક વિચારધારા સાથે બંગાળને ક્યાંથી ક્યાં લાવીને તેમણે બંગાળની કેવી હાલત કરી છે તે સમગ્ર દેશ જાણે છે**

હું હેરાન છું અને આ વાત હું દેશવાસીઓની સામે ઘણાં દર્દ સાથે, ખૂબ જ પીડા સાથે કહેવા માંગું છું કે જે લોકો ૩૦-૩૦ વર્ષ સુધી બંગાળમાં રાજ કરતા રહ્યા છે, એક એવી રાજનીતિક વિચારધારા સાથે બંગાળને ક્યાંથી ક્યાં લાવીને તેમણે બંગાળની કેવી હાલત કરી છે તે સમગ્ર દેશ જાણે છે. મમતાજીનું ૧૫ વર્ષ જૂનું ભાષણ સાંભળશો તો તમને ખ્યાલ આવશે કે આ રાજનીતિક વિચારધારાએ બંગાળને કેટલું બરબાદ કરી દીધું છે. અને આ લોકો કેવા છે, બંગાળમાં તેમનો પક્ષ છે, તેમનું સંગઠન છે, ૩૦ વર્ષ સરકાર ચલાવી છે, કેટલા લોકો હશે તેમની પાસે ? એક વખત પણ આ લોકોએ ખેડૂતોને મળનારા આ રૂ. ૨૦૦૦ના કાર્યક્રમ માટે બંગાળમાં કોઈ આંદોલન ચલાવ્યું નથી. જુઓ, તમારા દિલમાં ખેડૂતો માટે આટલો પ્રેમ હતો, બંગાળમાં તમારી ધરતી છે, તો બંગાળમાં ખેડૂતોને ન્યાય અપાવવા માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજનાના પૈસા ખેડૂતોને મળે તે માટે આંદોલન કેમ ના કર્યું ? તમે અવાજ કેમ ના ઉઠાવ્યો ? અને તમે ત્યાંથી ઊઠીને પંજાબ પહોંચી ગયા, ત્યારે સવાલ એ ઉપસ્થિત થાય છે કે પશ્ચિમ બંગાળની સરકાર તો જુઓ, પોતાના રાજ્યમાં આટલો મોટો લાભ ખેડૂતોને, ૭૦ લાખ ખેડૂતોને આટલું ધન મળે, હજારો કરોડ રૂપિયા મળે તે આપવામાં તેમને રાજનીતિ નડી રહી છે, પરંતુ તે પંજાબ જઈને જે લોકો સાથે બંગાળમાં લડાઈ લડે છે તે અહીં આવીને તેમને ચૂપ કરી દે છે. શું દેશની જનતા આ ખેલ જાણતી નથી ? શું દેશની જનતાને આ ખેલનો ખ્યાલ આવતો નથી ? જે લોકો આજે વિપક્ષમાં છે તેમની જુબાન આ બાબતે કેમ ચૂપ થઈ ગઈ છે ? કેમ ચૂપ છે?

**ઈવેન્ટ મેનેજમેન્ટ થઈ રહ્યું છે**

સાથીઓ, આજે જે રાજનીતિક દળોના લોકો પોતાની જાતને આ રાજનીતિક પ્રવાહમાં, જ્યારે દેશની



જનતાએ તેમને નકારી કાઢ્યા છે ત્યારે કંઈ ને કંઈ એવા પ્રોગ્રામ કરી રહ્યા છે, ઈવેન્ટ મેનેજમેન્ટ થઈ રહ્યું છે, એટલે કે કોઈ સેલ્ફી લે છે, કોઈના ફોટા છપાય છે, કોઈ ટીવી પર દેખાઈ રહ્યું છે અને તેમની રાજનીતિ ચાલી રહી છે. હવે દેશે આવા લોકોને પણ જોઈ લીધા છે. આવા લોકો દેશની સામે ખુલ્લા પડી ગયા છે. સ્વાર્થની રાજનીતિનું આ એક કદરૂપું ઉદાહરણ છે અને આપણે તેને બારીકીથી જોઈ રહ્યા છીએ. જે પક્ષ પશ્ચિમ બંગાળમાં ખેડૂતોના અહિત અંગે કશું બોલી શકતા નથી તે અહીં દિલ્હીના નાગરિકોને પરેશાન કરવામાં જોડાઈ ગયા છે. દેશની અર્થનીતિને બરબાદ કરવામાં લાગી રહ્યા છે અને તે પણ ખેડૂતોના નામે. આ પક્ષોને તમે સાંભળ્યા હશે, તે મંડીઓ મંડીઓ બોલી રહ્યા છે. તે એપીએમસીની વાત કરી રહ્યા છે અને મોટી મોટી હેડ લાઈન મેળવવા માટે ભાષણો કરી રહ્યા છે, પરંતુ આ એ જ પક્ષો છે, આ એ જ ઝંડાવાળા છે, એ જ વિચારધારા ધરાવતા લોકો છે કે જેમણે બંગાળને બરબાદ કર્યું છે. કેરળમાં પણ તેમની સરકાર છે. આ પહેલાં પણ જે ૫૦- ૬૦ વર્ષ સુધી દેશમાં રાજ કરી રહ્યા હતા, તેમની સરકાર હતી ત્યારે કેરળમાં એપીએમસી ન હતી. મંડીઓ ન હતી. હું જરા તેમને પૂછવા માંગું છું કે આ ફોટા પાડવાનો જે કાર્યક્રમ કરી રહ્યા છે તો કેરળમાં આંદોલન કરીને ત્યાં તો એપીએમસી ચાલુ કરાવો. પંજાબના ખેડૂતોને ગેરમાર્ગે દોરવા માટે તમારી પાસે સમય છે, કેરળની અંદર આવી વ્યવસ્થા નથી. જો આ વ્યવસ્થા સારી હોય તો તે કેરળમાં કેમ નથી ? શું તમે બેવડી નીતિ અપનાવીને ચાલી રહ્યા છો? તે કેવા પ્રકારની રાજનીતિ કરી રહ્યા છે કે જેમાં કોઈ તર્ક નથી, કોઈ તથ્ય પણ નથી. માત્ર જૂઠા આરોપ લગાવવા, માત્ર અફવાઓ ફેલાવવી, આપણા ખેડૂતોને ડરાવી દેવા અને ભલાભોળા ખેડૂતો ક્યારેક તો તમારી વાતોમાં ગેરમાર્ગે દોરાઈ જાય છે.

**નિર્દોષ ખેડૂતોની જિંદગી સાથે ખેલ ના ખેલે, તેમના ભવિષ્ય સાથે રમત ના રમે, તેમને ગેરમાર્ગે ના દોરે, ભ્રમિત ના કરે**

આ લોકો લોકશાહીને કોઈપણ પ્રકારે, કોઈપણ માપદંડથી માનવા તૈયાર નથી. તેમને માત્ર પોતાનો જ લાભ અને પોતાનો સ્વાર્થ જ નજરે પડે છે. અને હું જે વાતો કહી રહ્યો છું, ખેડૂતો માટે બોલી રહ્યો નથી, ખેડૂતોના નામે પોતાના ઝંડા લઈને જે લોકો ખેલ ખેલી રહ્યા છે તેમણે હવે આ બધું સાંભળવું પડશે અને દરેક વાતે ખેડૂતોને ગાળો આપવી, ખેડૂતોને અપમાનિત કરીને તમે લોકો બચી નહીં શકો. આ લોકો અખબારો અને મીડિયામાં જગા મેળવીને રાજનીતિક મેદાનમાં પોતાને જીવતા રાખવાની જડીબુટ્ટી શોધી રહ્યા છે, પરંતુ દેશનો ખેડૂત તેમને ઓળખી ગયો છે. હવે દેશનો ખેડૂત તેમને આ જડીબુટ્ટી આપવાનો નથી. કોઈપણ રાજનીતિ લોકતંત્રમાં રાજનીતિ કરવાનો તેમનો હક્ક છે. અમે તેનો વિરોધ કરતા નથી, પરંતુ નિર્દોષ ખેડૂતોની જિંદગી સાથે ખેલ ના ખેલે, તેમના ભવિષ્ય સાથે રમત ના રમે, તેમને ગેરમાર્ગે ના દોરે, ભ્રમિત ના કરે.

**જે લોકો આટલાં વર્ષો સુધી સત્તામાં રહ્યા એ લોકોએ આ ખેડૂતોને પોતાની હાલત ઉપર છોડી દીધા હતા**

સાથીઓ, આ એ જ લોકો છે કે જે વર્ષો સુધી સત્તામાં રહ્યા છે અને તેમની નીતિઓને જ કારણે દેશમાં ખેતી અને ખેડૂતનો એટલો વિકાસ થઈ શક્યો નથી કે જેટલું તેમનું સામર્થ્ય હતું. અગાઉની સરકારની નીતિઓના કારણે સૌથી વધુ બરબાદ એવા ખેડૂતો થયા છે કે જેમની પાસે વધુ જમીન ન હતી કે વધુ સાધનો પણ ન હતાં. આ નાના ખેડૂતોને બેંકોમાંથી પૈસા મળતા ન હતા, કારણ કે તેમની પાસે બેંકમાં ખાતાં પણ ન હતાં. અગાઉના સમયમાં જે પાક વીમા યોજના હતી તેનો લાભ પણ આ નાના ખેડૂતોને મળે તેવું કોઈ નામનિશાન જ ન હતું. કોઈ એકલ-દોકલને લાભ મળી ગયો હોય તો તે અલગ બાબત છે. એક નાના ખેડૂતને ખેતીમાં સિંચાઈ કરવા માટે પાણી મળતું ન હતું કે વીજળી પણ મળતી ન હતી. તે આપણો બિચારો ગરીબ ખેડૂત પોતાનો લોહી પસીનો વહાવીને ખેતરમાંથી જે ઊપજ મેળવતો હતો તેને વેચવામાં પણ તેની હાલત ખરાબ થઈ જતી હતી. આ નાના ખેડૂતની ખબર લેનાર પણ કોઈ હતું નહીં. અને આજે હું દેશવાસીઓને ફરીથી યાદ અપાવવા માંગું છું કે દેશમાં આવા ખેડૂતોની સંખ્યા નાની નથી. તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે એવા ૮૦ ટકા કરતાં વધુ ખેડૂતો આ દેશમાં છે. લગભગ ૧૦ કરોડ કરતાં વધુ ખેડૂતો છે. જે લોકો આટલાં વર્ષો સુધી સત્તામાં રહ્યા એ લોકોએ આ ખેડૂતોને પોતાની હાલત ઉપર છોડી દીધા હતા. ચૂંટણીઓ થતી રહી, સરકારો બનતી રહી, રિપોર્ટર્સ આવતા રહ્યા, પંચ બનતાં ગયાં, વાયદા કરો, ભૂલી જાવ, કરો, ભૂલી જાવ. આ બધું થતું રહેતું હતું પણ ખેડૂતની સ્થિતિ બદલાતી ન હતી. આનું પરિણામ શું આવ્યું ? ગરીબ ખેડૂત વધુ ગરીબ થતો ગયો. શું દેશમાં આ સ્થિતિ બદલવાની જરૂર ન હતી ?



### આજે દેશના કરોડો ખેડૂતોને પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનો લાભ મળી રહ્યો છે

મારાં ખેડૂત ભાઈઓ અને બહેનો, વર્ષ ૨૦૧૪માં સરકાર બની તે પછી અમારી સરકારે નવા અભિગમ સાથે કામ કરવાનું શરૂ કર્યું.

અમે દેશના ખેડૂતોની નાની-નાની તકલીફો અને ખેતીના આધુનિકીકરણ, તેને ભવિષ્યની જરૂરિયાતો માટે તૈયાર કરવામાં, બંને બાબતો ઉપર એક સાથે ધ્યાન આપવામાં આવ્યું.

અમે ઘણું બધું સાંભળતા હતા કે તે દેશમાં ખેતી એટલી આધુનિક છે, ત્યાંના ખેડૂતો એટલા સમૃદ્ધ છે એવું ઈઝરાયલના ખેડૂતોનું ઉદાહરણ સાંભળતા રહ્યા હતા.

અમે સમગ્ર દુનિયામાં ખેતીક્ષેત્રે શું ક્રાંતિ આવી છે, કેવા ફેરફારો થયા છે, કેવી નવી પહેલ હાથ ધરવામાં આવી છે, કેવી અર્થવ્યવસ્થા સાથે કેવી રીતે જોડવામાં આવ્યા છે તે બધી બાબતોનો ઊંડો અભ્યાસ કર્યો અને તે પછી અમે પોતાના અલગ અલગ ધ્યેય નક્કી કર્યા અને તમામ ધ્યેય માટે એક સાથે કામ કરવાનું શરૂ કર્યું.

અમે એવું લક્ષ્ય નક્કી કરીને કામ કર્યું કે દેશના ખેડૂતોને ખેતી માટે થતો ખર્ચ ઓછો થાય. ઈનપુટ ખર્ચ ઓછો થાય. સોઈલ હેલ્થ કાર્ડ, યુરિયાનું નીમ કોટીંગ, લાખોની સંખ્યામાં સોલર પંપ જેવી યોજનાઓ ખેડૂતોનો ખર્ચ ઓછો કરવા માટે એક પછી એક અમલમાં મૂકવામાં આવી.

અમારી સરકારે પ્રયાસ કર્યો કે ખેડૂતો પાસે એક બહેતર પાક વીમા સુરક્ષા હોય. આજે દેશના કરોડો ખેડૂતોને પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનો લાભ મળી રહ્યો છે.

### મામૂલી પ્રીમિયમના બદલે ખેડૂતોને વીતેલા એક વર્ષમાં રૂ.૮૭ હજાર કરોડની રકમ મળી


હું જ્યારે ખેડૂતભાઈઓ સાથે વાત કરી રહ્યો હતો ત્યારે મને આપણા મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના ગણેશજીએ વાત કરી કે તેમણે અઢી હજાર રૂપિયા આપ્યા અને તેમને આશરે ચોપ્પન હજાર રૂપિયા મળ્યા. મામૂલી પ્રીમિયમના બદલે ખેડૂતોને વીતેલા એક વર્ષમાં રૂ.૮૭ હજાર કરોડની રકમ મળી છે. રૂ.૮૭ હજાર કરોડ એટલે કે આશરે રૂ.૯૦ હજાર કરોડ. ખેડૂતોએ મામૂલી પ્રીમિયમ ચૂકવ્યું અને તકલીફના સમયમાં તેમને પાક વીમા યોજના કામમાં આવી છે. અમે આ લક્ષ્ય ઉપર પણ કામ કર્યું છે કે દેશના ખેડૂત પાસે ખેતરમાં સિંચાઈ કરવા માટે યોગ્ય સુવિધા ઉપલબ્ધ હોય. અમે દાયકાઓ જૂની સિંચાઈ યોજનાઓ પૂરી કરાવવાની સાથે સાથે સમગ્ર દેશમાં દરેક ટીપાં દીઠ વધુ પાકના મંત્ર સાથે માઈક્રો ઈરિગેશનને પણ પ્રોત્સાહન આપી રહ્યા છીએ અને મને એ બાબતનો આનંદ છે કે હમણાં તમિલનાડુના આપણા સુબ્રમણ્યમજી મને જણાવી રહ્યા હતા કે અગાઉ તે માઈક્રો ઈરિગેશન દ્વારા, ડ્રીપ ઈરિગેશનથી પહેલાં એક એકરમાં કામ થતું હતું ત્યાં ત્રણ એકરમાં કામ કર્યું અને માઈક્રો ઈરિગેશનને કારણે પહેલાં કરતાં રૂપિયા એક લાખ વધુ કમાયા.

### આજે જ્યારે લઘુતમ ટેકાના ભાવથી સરકાર વિક્રમ ખરીદી કરી રહી છે

સાથીઓ, અમારી સરકારે એ પ્રયાસ કર્યો છે કે દેશના ખેડૂતોને તેમના પાકની યોગ્ય કિંમત મળે. અગાઉ લાંબા સમયથી લટકાવી રાખેલ સ્વામિનાથન કમિટીના અહેવાલ મુજબ અમે પડતરથી દોઢ ગણી રકમ ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ તરીકે આપી. અગાઉ થોડાક જ પાક ઉપર લઘુતમ ટેકાના ભાવ મળતા હતા અને અમે તેની સંખ્યામાં વધારો કર્યો. અગાઉ લઘુતમ ટેકાના ભાવની જાહેરાત અખબારોમાં થોડીક જગ્યા મેળવતી હતી. માત્ર સમાચાર તરીકે જ તે છપાતી હતી અને ખેડૂતો સુધી તેનો લાભ પહોંચતો ન હતો. ક્યાંય ત્રાજવાં પણ લગાવવામાં આવતાં ન હતાં અને એટલા માટે ખેડૂતના જીવનમાં કોઈ પરિવર્તન પણ આવતું ન હતું. આજે જ્યારે લઘુતમ ટેકાના ભાવથી સરકાર વિક્રમ ખરીદી કરી રહી છે, ખેડૂતોના ખિસ્સામાં લઘુતમ ટેકાના ભાવના વિક્રમ પૈસા પહોંચી રહ્યા છે. જે લોકો આજે ખેડૂતોના નામે આંદોલન કરી રહ્યા છે તે લોકો જ્યારે તેમનો સમય હતો ત્યારે ચૂપ થઈને કેમ બેસી ગયા હતા? જે લોકો આંદોલન ચલાવી રહ્યા છે તે લોકો તે સરકારના ભાગીદાર નથી કે સરકારનું સમર્થન પણ કરતા નથી. આ જ લોકો સ્વામિનાથન સમિતિના અહેવાલ ઉપર વર્ષો સુધી બેસી રહ્યા હતા. અમે આવીને અહેવાલ બહાર કાઢ્યો, કારણ કે અમારા દિલમાં ખેડૂતોની જિંદગી ભલું કરવાનો ખ્યાલ હતો. તેમના કલ્યાણ માટેની વાત હતી. આ અમારો જીવનમંત્ર છે. એટલા માટે જ આ કરી રહ્યા છીએ.

### ૧૦૦૦ કરતાં વધુ ખેતી મંડીઓને ઓનલાઇન પદ્ધતિ સાથે જોડી

સાથીઓ, અમે એ દિશામાં વિચારી રહ્યા છીએ કે ખેડૂતોને તેમની ઊપજ વેચવા માટે માત્ર એક જ મંડી નહીં, પરંતુ અનેક વિકલ્પ મળવા જોઈએ. બજાર મળવું જોઈએ. અમે



દેશની ૧૦૦૦ કરતાં વધુ ખેતી મંડીઓને ઓનલાઇન પદ્ધતિ સાથે જોડી અને તેમાં આજ સુધીમાં ખેડૂતોએ રૂ.૧ લાખ કરતાં વધુ રકમનો વેપાર કર્યો છે. ખેડૂતોએ ઓનલાઇન વેચાણ કરવાનું શરૂ કરી દીધું છે.

**આજે દેશમાં ૧૦ હજાર કરતાં વધુ ખેડૂત ઉત્પાદન સંઘ બનાવવાનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે**

સાથીઓ, અમે વધુ એક લક્ષ્ય નક્કી કર્યું છે કે નાના ખેડૂતોનો સમુદાય ઊભો કરવામાં આવે અને જેથી તે પોતાના ક્ષેત્રમાં એક સામૂહિક તાકાત બનીને કામ કરી શકે. આજે દેશમાં ૧૦ હજાર કરતાં વધુ ખેડૂત ઉત્પાદન સંઘ બનાવવાનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેમને આર્થિક મદદ આપવામાં આવી રહી છે. હજુ હમણાં જ હું મહારાજ ગંજના રામગુલાબજીને સાંભળી રહ્યો હતો. તેમણે આશરે ૩૦૦ જેટલા ખેડૂતોને સંગઠિત કર્યા છે અને તેમણે અગાઉની તુલનામાં દોઢ ગણા ભાવથી માલ વેચવાનું શરૂ કરી દીધું છે. ખેડૂત ઉત્પાદન સંઘ બનાવીને તેમણે વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતીમાં મદદ મેળવી અને આજે તેમને ફાયદો થઈ રહ્યો છે.

**આશરે રૂ.૧૪ લાખ કરોડ એટલે કે બમણી જોગવાઈ કરી દીધી છે કે જેથી ખેડૂતને ધિરાણ મળી શકે**

સાથીઓ, આપણા ખેતીક્ષેત્રમાં સૌથી મોટી જરૂરિયાત એ છે કે ગામની પાસે જ સંગ્રહ વ્યવસ્થા હોય. કોલ્ડ સ્ટોરેજ જેવી આધુનિક સુવિધા ઓછી કિંમતે ખેડૂતોને ઉપલબ્ધ થાય. એ બાબતને પણ અમારી સરકારે અગ્રતા આપી છે. આજે સમગ્ર દેશમાં કોલ્ડ સ્ટોરેજનું નેટવર્ક વિકસાવવા માટે સરકાર કરોડો રૂપિયાનું મૂડીરોકાણ કરી રહી છે. અમારી નીતિઓમાં એ બાબત ઉપર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે કે ખેતીની સાથે સાથે ખેડૂત પાસે આવક વધારવાના બીજા વિકલ્પો પણ ઉપલબ્ધ હોય. અમારી સરકારે માછીમારી, પશુપાલન, ડેરીઉદ્યોગ, મધમાખી ઉછેર જેવા તમામ વ્યવસાયોને પ્રોત્સાહન આપી રહી છે. અમારી સરકારે એ બાબતની પણ ખાત્રી રાખી છે કે દેશની બેંકોના પૈસા દેશના ખેડૂતો માટે કામમાં આવે. વર્ષ ૨૦૧૪માં જ્યારે અમે પ્રથમ વખત સરકારમાં આવ્યા તે અમારી શરૂઆત હતી. ૨૦૧૪માં આપણે ત્યાં રૂ.૭ લાખ કરોડની જોગવાઈ આ માટે કરવામાં આવી હતી. આ જોગવાઈને અમે આશરે રૂ.૧૪ લાખ કરોડ એટલે કે બમણી કરી દીધી છે કે જેથી ખેડૂતને ધિરાણ મળી શકે. વીતેલા થોડાક મહિનાઓમાં આશરે અઢી કરોડ નાના ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ સાથે જોડવામાં આવ્યા છે અને આ અભિયાન ઝડપથી ચાલી રહ્યું છે. અમે માછલી ઉછેરનારા અને પશુપાલકોને પણ કિસાન ક્રેડિટ કાર્ડ આપી રહ્યા છીએ. આ લાભ હવે તેમને પણ મળવાનો છે.

અમે એ લક્ષ્ય ઉપર પણ કામ કરી રહ્યા છીએ કે ખેતીની દુનિયામાં શું ચાલી રહ્યું છે તેના માટે દેશમાં આધુનિક ખેતીસંસ્થાઓ હોય. વીતેલાં વર્ષોમાં દેશમાં અનેક ખેતીસંસ્થાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ખેતીના ભણતર માટે બેઠકો પણ વધારવામાં આવી છે. અને સાથીઓ, ખેતી સાથે જોડાયેલા આ તમામ પ્રયાસોની સાથે સાથે અમે એક મોટા લક્ષ્ય ઉપર પણ કામ કરવાનું શરૂ કર્યું છે અને આ લક્ષ્ય એ છે કે ગામમાં રહેનારા ખેડૂતભાઈઓનું જીવન આસાન બને.

**૬૦ વર્ષની ઉંમર પછી માસિક રૂ.૩૦૦૦નું પેન્શન**

સાથીઓ, આજે જે લોકો ખેડૂતો માટે આંસુ વહાવી રહ્યા છે. આટલાં મોટાં મોટાં નિવેદનો કરી રહ્યા છે, ભારે દુઃખ દેખાડી રહ્યા છે તે જ લોકો જ્યારે સરકારમાં હતા ત્યારે તેમણે ખેડૂતોનું દુઃખ અને તેમની તકલીફો દૂર કરવા માટે શું કર્યું હતું તે દેશનો ખેડૂત સારી રીતે જાણે છે. આજે માત્ર ખેતી જ નહીં, પણ તેમના જીવનને આસાન બનાવવા માટે સરકાર તેમના દરવાજા સુધી પહોંચી છે. આજે દેશના નાના અને સીમાંત ખેડૂતોને પોતાનાં પાકાં મકાનો મળી રહ્યાં છે. શૌચાલયો મળી રહ્યાં છે. નળનું ચોખ્ખું પાણી મળી રહ્યું છે. આ ખેડૂતો કે જેમને વીજળીનાં મફત જોડાણ, ગેસના મફત જોડાણનો બહુ મોટો લાભ મળ્યો છે. દર વર્ષે આયુષમાન ભારત યોજના હેઠળ રૂ.૫ લાખ સુધીની મફત સારવારની સુવિધા પણ આજે મારા નાના ખેડૂતભાઈઓના જીવનમાં ઘણી મોટી ચિંતા ઓછી કરી રહી છે. માત્ર દૈનિક ૯૦ પૈસામાં એટલે કે એક ચાની કિંમતથી પણ ઓછા પૈસામાં માત્ર રૂ.૧ના પ્રીમિયમથી વીમો લઈને મારા ખેડૂતભાઈઓનો જીવનમાં મોટી તાકાત પેદા થઈ છે. ૬૦ વર્ષની ઉંમર પછી માસિક રૂ.૩૦૦૦નું પેન્શન. આ સુરક્ષાકવચ પણ હાલમાં ખેડૂતો પાસે છે.

**ટેક્નોલોજીની મદદથી સ્વામિત્વ યોજના આવ્યા પછી હવે ગામના ખેડૂત માટે જમીન અને ઘરના નામે બેંકમાંથી ધિરાણ મેળવવાનું આસાન**

સાથીઓ, આજ કાલ કેટલાક લોકો ખેડૂતોની જમીન માટે ચિંતા




કરવાનો દેખાવ કરી રહ્યા છે. ખેડૂતોની જમીન હડપવામાં કેવા કેવા લોકોનાં નામ અખબારમાં ચમકી રહ્યા છે તે આપણે જાણીએ છીએ. એ સમયે આ લોકો ક્યાં હતા કે જ્યારે માલિકીના દસ્તાવેજના અભાવને કારણે ખેડૂતોના ઘર અને જમીન ઉપર ગેરકાયદે કબજો કરી લેવામાં આવતો હતો. ગામના નાના અને સીમાંત ખેડૂતોને, ખેતમજૂરોને, આ અધિકારથી અનેક વર્ષો સુધી કોણે વંચિત રાખ્યા હતા તેનો જવાબ આ લોકો પાસે નથી. ગામમાં રહેનારાં આપણાં ભાઈબહેનો માટે આ કામ આજે થઈ રહ્યું છે. હવે ગામમાં ખેડૂતોને તેમની જમીનના, તેમના મકાનના નકશા અને કાનૂની દસ્તાવેજ આપવામાં આવી રહ્યા છે. ટેક્નોલોજીની મદદથી સ્વામિત્વ યોજના આવ્યા પછી હવે ગામના ખેડૂત માટે જમીન અને ઘરના નામે બેંકમાંથી ધિરાણ મેળવવાનું આસાન થઈ ગયું છે.

સાથીઓ, બદલાતા સમયની સાથે આપણે આપણા અભિગમનો પણ વિસ્તાર કરવો એટલો જ જરૂરી છે. આપણે ૨૧ મી સદીમાં ભારતની કૃષિને આધુનિક બનાવવી જ પડશે અને તેનું જ બીડું દેશના કરોડો ખેડૂતોએ પણ ઉપાડ્યું છે અને સરકાર પણ તેમની સાથે ખભેખભો મિલાવીને આગળ વધવા માટે કૃતસંકલ્પ છે. આજે દરેક ખેડૂતને એ ખબર છે કે તેના પાકની સૌથી વધુ સારી કિંમત તેને ક્યાં મળી શકે તેમ છે. પહેલાં શું થતું હતું કે જો બજારમાં સારા ભાવ ના મળે અથવા તો તેની ઊપજને બીજા સ્તરનો ગણાવીને ખરીદવાની ના પાડી દેવામાં આવતી હતી તો ખેડૂત મજબૂરીમાં અડધા પોણા ભાવે પોતાની પેદાશ વેચવા માટે મજબૂર થઈ જતો હતો. આ કૃષિસુધારાઓનાં માધ્યમથી અમે ખેડૂતોને વધુ સારા વિકલ્પો આપ્યા છે. આ કાયદાઓ બાદ તમે જ્યાં ઇચ્છો, જેની પાસે ઇચ્છો તેને પોતાનો પાક વેચી શકો છો.

**તમારા પાકને જ્યાં પણ ઇચ્છો ત્યાં તમે પોતે નક્કી કરીને વેચી શકો છો. તમને જ્યાં સારો ભાવ મળે તમે ત્યાં આગળ પાક વેચી શકો છો**

મારાં ખેડૂત ભાઈઓ અને બહેનો, મારા આ શબ્દોને તમે ધ્યાનપૂર્વક સાંભળો, હું ફરીથી કહી રહ્યો છું કે તમે તમારા પાકને જ્યાં પણ ઇચ્છો ત્યાં તમે પોતે નક્કી કરીને વેચી શકો છો. તમને જ્યાં સારો ભાવ મળે તમે ત્યાં આગળ પાક વેચી શકો છો. તમે લઘુતમ ટેકાના ભાવ એટલે કે એમએસપી પર પોતાનો પાક વેચવા માંગો છો? તમે વેચી શકો છો. તમે બજારમાં તમારો પાક વેચવા માંગો છો? તમે વેચી શકો છો. તમે તમારી પાકની નિકાસ કરવા માંગો છો? તમે નિકાસ કરી શકો છો. તમે તેને કોઈ વેપારીને વેચવા માંગો છો? તમે વેચી શકો છો. તમે તમારો પાક અન્ય રાજ્યમાં વેચવા માંગો છો? તમે વેચી શકો છો. તમે આખા ગામના ખેડૂતોને એફપીઓના માધ્યમથી ભેગા કરીને તમારો બધો કુલ પાક એક સાથે વેચવા માંગો છો? તમે વેચી શકો છો. તમે બિસ્કિટ, ચિપ્સ, જામ, અન્ય ખાદ્યપદાર્થોના ઉત્પાદનોની વેલ્યૂ ચેઈનનો ભાગ બનવા માંગો છો? તો તમે તે પણ કરી શકો છો. દેશના ખેડૂતને એટલા અધિકાર મળી રહ્યા છે તો તેમાં ખોટું શું છે? તેમાં એવું તો શું ખોટું છે કે જો ખેડૂતોને પોતાનો પાક વેચવાનો વિકલ્પ ઓનલાઈન માધ્યમથી આખા વર્ષ દરમિયાન બીજે ક્યાંક પણ મળી રહ્યો છે?

સાથીઓ, આજે નવા કૃષિ સુધારાઓ વિષે અસંખ્ય જુઠ્ઠાણાંઓ ફેલાવવામાં આવી રહ્યાં છે. કેટલાક લોકો ખેડૂતોની વચ્ચે ભ્રમ ફેલાવી રહ્યા છે કે એમએસપી ખતમ કરવામાં આવી રહી છે. તો કેટલાક લોકો એવી અફવાઓ ફેલાવી રહ્યા છે કે બજારોને બંધ કરી દેવામાં આવશે. હું તમારું ફરી એકવાર ધ્યાન દોરવા માંગું છું કે આ કાયદાઓ લાગુ થયા એને ઘણા મહિનાઓ થઈ ગયા છે. શું તમે દેશના કોઈપણ એક ખૂણામાં એક પણ બજાર બંધ થઈ હોય એવા સમાચાર સાંભળ્યા છે ખરા? જ્યાં સુધી એમએસપીનો પ્રશ્ન છે હમણાં તાજેતરના દિવસોમાં સરકારે ઘણા બધા પાકોના લઘુતમ ટેકાના ભાવો પણ વધારી દીધા છે. આ કૃષિ સુધારાઓ પછી પણ થયું છે, નવા કૃષિ કાયદાઓ પછી પણ થયું છે, એટલું જ નહિ જે લોકો ખેડૂતોના નામ પર વાતો કરે છે ને આ જે આંદોલન ચાલી રહ્યું છે તેમાં કેટલાય લોકો સાચા અને નિર્દોષ ખેડૂતો પણ છે. એવું નથી કે બધા જ, તે રાજનૈતિક વિચારધારાવાળા લોકો તો નેતાઓ છે બાકી તો ભલાભોળા ખેડૂતો છે. તેમને જઈને ખાનગીમાં પૂછશો કે ભાઈ, તમારી કેટલી જમીન છે? શું ઉગાડો છો? આ વખતે વેચ્યું કે નથી વેચ્યું? તો તે પણ કહેશે કે તે એમએસપી પર વેચીને આવ્યો છે અને જ્યારે એમએસપી પર ખરીદી ચાલી રહી હતી ને ત્યારે આ આંદોલનને તેમણે ઠંડું કરી દીધું હતું કારણ કે તેમને ખબર હતી કે અત્યારે હમણાં જરા ખેડૂત બજારમાં જઈને પાક વેચી રહ્યો છે. તે બધુ વેચાણ કામ પૂરું થઈ ગયું પછી તેમણે આંદોલન શરૂ કર્યું.



**વધેલા લઘુતમ ટેકાના ભાવ એમએસપી પર સરકારે ખેડૂતોના પાકને રેકોર્ડ સ્તર પર ખરીદ્યો છે અને તે પણ નવા કાયદા બન્યા પછી**

સાથીઓ, વાસ્તવિકતા તો એ છે કે વધેલા લઘુતમ ટેકાના ભાવ એમએસપી પર સરકારે ખેડૂતોના પાકને રેકોર્ડ સ્તર પર ખરીદ્યો છે અને તે પણ નવા કાયદા બન્યા પછી. અને બીજી એક મહત્ત્વની વાત, આ કૃષિસુધારાઓ દ્વારા સરકારે પોતાની જવાબદારીઓ વધારી જ છે. ઉદાહરણ તરીકે એગ્રીમેન્ટ ફાર્મિંગની વાત જ લઈ લો. કેટલાંક રાજયોમાં એવા કાયદાઓ, એવી જોગવાઈઓ કેટલાંય વર્ષોથી છે, પંજાબમાં પણ છે. ત્યાં તો ખાનગી કંપનીઓ સંધિ કરારો કરીને ખેતી કરી રહી છે. શું તમે જાણો છો કે પહેલાંના કાયદાઓમાં સમજૂતીઓ તોડે તો ખેડૂતો ઉપર દંડ લાગતો હતો! મારા ખેડૂતભાઈઓને આ કોઈએ સમજાવ્યું નહિ હોય. પરંતુ અમારી સરકારે આ સુધારો કર્યો અને એ બાબતની ખાતરી કરી કે મારા ખેડૂતભાઈઓ પર દંડ અથવા કોઈ બીજા પ્રકારની વસૂલી ના લગાવવામાં આવે!

**ખરીદદાર સમયસર ચુકવણી કરવા માટે હવે કાયદાકીય રીતે બાધ્ય છે**

સાથીઓ, તમે એ સારી રીતે જાણો છો કે પહેલાં જો કોઈ કારણસર ખેડૂત બજારમાં નહોતો પણ જઈ શકતો તો તે શું કરતો હતો? તે કોઈ વેપારીને પોતાનો માલ વેચી દેતો હતો. એવામાં તે વ્યક્તિ ખેડૂતનો ફાયદો ના ઉઠાવી શકે, તેના માટે પણ અમારી સરકારે કાયદાકીય ઉપાયો કર્યા છે. ખરીદદાર સમયસર ચુકવણી કરવા માટે હવે કાયદાકીય રીતે બાધ્ય છે. તેણે રસીદ પણ આપવી પડશે અને ત્રણ દિવસની અંદર ચુકવણી પણ કરવી પડશે, નહિતર આ કાયદો ખેડૂતને શક્તિ આપે છે, તાકાત આપે છે કે તે અધિકારીઓ પાસે જઈને કાયદાકીય તંત્રનો સહારો લઈને પોતાના પૈસા પ્રાપ્ત કરી શકે છે! આ બધી જ વસ્તુઓ થઈ ચૂકી છે, થઈ રહી છે, સમાચારો આવી રહ્યા છે કે કઈ રીતે એક એક કરીને આપણા દેશના ખેડૂતભાઈઓ આ કાયદાઓનો ફાયદો ઉઠાવી રહ્યા છે. સરકાર ખેડૂતની સાથે દરેક પગલે ઊભી છે. ખેડૂત ભલે ગમે તેને પોતાનો પાક વેચવા માંગતો હોય, સરકારે એવી વ્યવસ્થા કરી છે કે એક મજબૂત કાયદો અને કાયદાકીય વ્યવસ્થાતંત્ર ખેડૂતોના પક્ષમાં હંમેશા ઊભું રહે.

**સંધિ કરનારો પોતાની સંધિને પોતાની મરજી મુજબ ખતમ નથી કરી શકતો, પરંતુ બીજી બાજુ જો ખેડૂત, સંધિને કોઈપણ કારણસર ખતમ કરવા માંગે છે તો ખેડૂત કરી શકે છે**

સાથીઓ, કૃષિસુધારાઓનું એક બીજું મહત્ત્વનું પાસું બધા માટે સમજવું જરૂરી છે. હવે જ્યારે કોઈ ખેડૂતની સાથે સંધિ કરશે તો તે એવું પણ ઇચ્છશે કે ઉત્પાદન સારામાં સારું થાય. તેના માટે સંધિ કરનારાઓ ખેડૂતોને સારાં બિયારણ, આધુનિક ટેક્નોલોજી, અત્યાધુનિક સાધનો, તજ્જ્ઞતા પ્રાપ્ત કરવામાં મદદ કરશે જ કરશે કારણ કે તેની તો રોજી-રોટી તેમાં છે. સારા પાક માટે સુવિધાઓ ખેડૂતોના દરવાજા ઉપર ઉપલબ્ધ કરાવશે. સંધિ કરનારા વ્યક્તિ બજારના ટ્રેન્ડ વિષે સંપૂર્ણ રીતે જાણકાર રહેશે અને તેને જ અનુરૂપ આપણા ખેડૂતોને બજારની માંગ અનુસાર કામ કરવામાં મદદ મળશે. હવે તમને હું એક બીજી સ્થિતિ જણાવું છું. જો કોઈ કારણસર કોઈ મુશ્કેલીના કારણે ખેડૂતનો પાક સારો નથી થતો અથવા તો બરબાદ થઈ જાય છે તો પણ, એ યાદ રાખજો, તો પણ જેણે સંધિ કરી છે તેને ખેડૂતની ઊપજનો જે ભાવ નક્કી થયો હતો તે તેણે આપવો જ પડશે. સંધિ કરનારો પોતાની સંધિને પોતાની મરજી મુજબ ખતમ નથી કરી શકતો, પરંતુ બીજી બાજુ જો ખેડૂત, સંધિને કોઈપણ કારણસર ખતમ કરવા માંગે છે તો ખેડૂત કરી શકે છે, સામેવાળો આમ નથી કરી શકતો. શું આ સ્થિતિ ખેડૂતો માટે ફાયદાકારક નથી? સૌથી વધુ બાંયધરી ખેડૂતોની પાસે છે કે નથી? ખેડૂતોને ફાયદો આપનારી ખાતરી આમાં છે કે નથી? એક બીજો પણ સવાલ લોકોએ બહુ ઉછાળી રાખ્યો છે, તમારા મનમાં પણ આવતો હશે. જો કોઈ પરિસ્થિતિમાં પાક સારો થયો, બજાર બહુ સરસ થઈ ગયું, જે સંધિમાં હતો તેના કરતાં પણ વધુ નફો સંધિ કરનારાઓને મળી રહ્યો છે. જો આવું થાય છે તો સંધિના જેટલા પૈસા છે તે તો આપવાના જ છે પરંતુ જો વધારે નફો થાય છે તો તેમાંથી અમુક બોનસ પણ ખેડૂતને આપવું પડશે. આનાથી મોટી ખેડૂતની રક્ષા કોણ કરી શકે તેમ છે? આવી સ્થિતિમાં ખેડૂત સંધિમાં નક્કી કરવામાં આવેલ મૂલ્ય સિવાય જેમ કે મેં કહ્યું તેમ બોનસનો પણ તે હકદાર રહેશે. પહેલાં શું થતું હતું યાદ છે ને? બધું જોખમ ખેડૂતનું રહેતું હતું અને વળતર બીજા કોઈનું રહેતું હતું. હવે નવા કૃષિ કાયદાઓ અને સુધારાઓ પછી સ્થિતિ સંપૂર્ણ રીતે ખેડૂતોના પક્ષમાં થઈ ગઈ છે. હવે બધુ જોખમ સંધિ કરનાર વ્યક્તિ અથવા કંપનીનું રહેશે અને વળતર ખેડૂતોનું હશે!



**દેશના અનેક ભાગોમાં એગ્રીમેન્ટ ફાર્મિંગને પહેલાં પણ પરખવામાં આવ્યું છે**


સાથીઓ, દેશના અનેક ભાગોમાં એગ્રીમેન્ટ ફાર્મિંગને પહેલાં પણ પરખવામાં આવ્યું છે, તેને કસોટી પર કસવામાં આવ્યું છે. શું તમને જાણ છે કે દુનિયામાં આજે સૌથી વધુ દૂધ ઉત્પાદન, મિલ્ક પ્રોડક્શન કરનારો દેશ કયો છે? આ દેશ કોઈ બીજો નથી આપણું હિન્દુસ્તાન છે! આપણા પશુપાલકો, આપણા ખેડૂતોની મહેનત છે. આજે ડેરી ક્ષેત્રમાં ઘણી બધી સરકારી અને ખાનગી કંપનીઓ ખેડૂતો પાસેથી દૂધ ઉત્પાદકો પાસેથી દૂધ ખરીદે છે અને તેને બજારમાં વેચે છે. આ મોડલ કેટલા વર્ષોથી ચાલી રહ્યું હતું, શું તમે ક્યારેય એવું સાંભળ્યું કે કોઈ એક કંપની અથવા સહકારી સંસ્થાએ બજાર પર પોતાનો કબજો જમાવી દીધો હોય, પોતાનો એકાધિકાર કરી લીધો હોય? શું તમે તે ખેડૂતો અને તે દૂધ-ઉત્પાદકોની સફળતાથી પરિચિત નથી જેમને ડેરી ક્ષેત્રના આ કામ વડે લાભ થયો છે? એક બીજું પણ ક્ષેત્ર છે જ્યાં આગળ આપણો દેશ ઘણો આગળ છે — તે છે મરઘાંઉછેર એટલે કે પોલ્ટ્રી. આજે ભારતમાં સૌથી વધુ ઈંડાંનું ઉત્પાદન થાય છે. સંપૂર્ણ મરઘાંઉછેર ક્ષેત્રમાં ઘણી બધી મોટી કંપનીઓ કામ કરી રહી છે, કેટલીક નાની કંપનીઓ પણ છે તો કેટલાક સ્થાનિક ખરીદદારો પણ આ વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ ક્ષેત્ર સાથે જોડાયેલ લોકો પોતાનું ઉત્પાદન કોઈને પણ ગમે ત્યાં વેચવા માટે સ્વતંત્ર છે. જ્યાં પણ તેમને સૌથી વધુ ભાવ મળે છે તેઓ ત્યાં ઈંડાં વેચી શકે છે. અમે ઇચ્છીએ છીએ કે આપણા ખેડૂતોને, કૃષિ ક્ષેત્રને આ જ રીતનો વિકાસ કરવાનો અવસર મળે જેવો પોલ્ટ્રી અને ડેરી ક્ષેત્રને મળ્યો છે. આપણા ખેડૂતોની સેવામાં જ્યારે ઘણી બધી કંપનીઓ, વ્યવસાયના અનેક પ્રકારના પ્રતિસ્પર્ધી રહેશે તો તેમને પોતાના પાકનો વધારે ભાવ પણ મળશે અને બજાર સુધી તેમની વધુ સારી પહોંચ પણ શક્ય બની શકશે.

**નવા કૃષિસુધારાઓના માધ્યમથી ભારતીય કૃષિમાં નવી ટેક્નોલોજીને પણ પ્રવેશ મળશે**

નવા કૃષિસુધારાઓના માધ્યમથી ભારતીય કૃષિમાં નવી ટેક્નોલોજીને પણ પ્રવેશ મળશે. આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી આપણા ખેડૂતો પોતાના પાકને વધારી શકશે, પોતાના પાકને વિવિધતા આપી શકશે, પોતાના પાકનું વધુ સારી રીતે પેકેજિંગ કરી શકશે, પોતાના પાકમાં મૂલ્ય ઉમેરણ કરી શકશે. એક વખત આવું થઈ ગયું તો આપણા ખેડૂતોની ઊપજની આખી દુનિયામાં માંગ થઈ જશે અને આ માંગ સતત વધ્યા જ કરશે. આપણા ખેડૂત માત્ર ઉત્પાદક જ નહિ પરંતુ પોતે નિકાસકાર પણ બની શકશે. દુનિયામાં કોઈપણ જો કૃષિ ઉત્પાદનોના માધ્યમથી બજારોમાં પોતાની ધાક જમાવવા માંગશે તો તેને ભારત આવવું જ પડશે. જો દુનિયામાં ક્યાંય પણ ગુણવત્તા અને જથ્થા બંનેની જરૂરિયાત હશે તો તેમને ભારતના ખેડૂતોની સાથે ભાગીદારી કરવી પડશે. જ્યારે અમે અન્ય ક્ષેત્રોમાં રોકાણ અને ઈનોવેશન વધાર્યું તો અમે આવક વધવાની સાથે જ તે ક્ષેત્રમાં બ્રાન્ડ ઈન્ડિયાને પણ સ્થાપિત કરી. હવે સમય આવી ગયો છે કે બ્રાન્ડ ઈન્ડિયા દુનિયાના કૃષિબજારોમાં પણ પોતાની જાતને તેટલી જ પ્રતિષ્ઠા સાથે સ્થાપિત કરે.

**ભાઈ, ખેડૂતનો વિષય છોડીને નવી જગ્યા ઉપર શા માટે જવું પડી રહ્યું છે ?**

સાથીઓ, કેટલાંક રાજનૈતિક દળો, જેમને દેશની જનતાએ લોકશાહી રીતે નકારી દીધાં છે, તે લોકો આજે કેટલાક ખેડૂતોને ગુમરાહ કરીને જે કંઈ પણ કરી રહ્યા છે તે બધાને વારે વારે નમ્રતાપૂર્વક સરકાર તરફથી અનેક પ્રયાસો કરવા છતાં પણ કોઈ ને કોઈ રાજનૈતિક કારણસર, કોઈ ને કોઈ બંધાયેલી રાજનૈતિક વિચારધારાના કારણે આ ચર્ચા નથી થવા દઈ રહ્યા. કૃષિ કાયદાઓના સંદર્ભમાં આ જે રાજકીય પક્ષની વિચારધારાવાળા જે કેટલાક લોકો છે જેઓ ખેડૂતોના ખભા પર બંદૂક રાખીને ફોડી રહ્યા છે, કૃષિ કાયદાઓના સંદર્ભમાં તેમની પાસે મજબૂત તર્ક ના હોવાના કારણે તેઓ જાત જાતના મુદ્દાઓને ખેડૂતોના નામ પર ઉછાળી રહ્યા છે. તમે જોયું હશે કે જ્યારે શરૂઆત થઈ હતી ત્યારે તેમની માંગણી હતી કે એમએસપીની બાંયધરી આપો, તેમના મનમાં બરાબર હતું કારણ કે તેઓ ખેડૂતો હતા, તેમને લાગ્યું કે ક્યાંક આવું ના થઈ જાય. પરંતુ તેનો માહોલ બતાવીને આ રાજનૈતિક વિચારધારાવાળા લોકો ચઢી બેઠા અને હવે એમએસપી વગેરે બાજુમાં રાખીને, શું ચાલી રહ્યું છે આ લોકો હિંસાના આરોપીઓ, એવા લોકોને જેલમાંથી છોડાવવાની માંગ કરી રહ્યા છે. દેશમાં આધુનિક ધોરીમાર્ગો બને, નિર્માણ પામે, જે પાછલી બધી સરકારોએ કર્યું હતું, આ લોકો પણ સરકારોમાં સમર્થન કરતા હતા, ભાગીદાર હતા. હવે કહે છે કે ટોલ ટેક્સ નહિ લાગે, ટોલ ખાલી કરી નાખો. ભાઈ, ખેડૂતનો વિષય છોડીને



નવી જગ્યા ઉપર શા માટે જવું પડી રહ્યું છે? જે નીતિઓ પહેલાંના સમયથી ચાલતી આવી રહી છે. હવે આ ખેડૂત આંદોલનની આડશમાં તેનો પણ વિરોધ કરી રહ્યા છે, ટોલ નાકાઓનો વિરોધ કરી રહ્યા છે.

**હું મારા ખેડૂતભાઈઓ અને બહેનોને ભરોસો અપાવું છું કે તમારા વિશ્વાસ પર અમે કોઈ આંચ નહિ આવવા દઈએ**

સાથીઓ, એવી પરિસ્થિતિમાં પણ દેશભરના ખેડૂતોએ કૃષિ સુધારાઓનું ભરપૂર સમર્થન કર્યું છે, ભરપૂર સ્વાગત કર્યું છે. હું બધા જ ખેડૂતોનો આભાર વ્યક્ત કરું છું, હું માથું નમાવીને તેમને પ્રણામ કરું છું કે દેશને આગળ લઈ જવા માટે દેશના કોટિ કોટિ ખેડૂતો આજે આ નિર્ણય સાથે આ હિંમત સાથે ઊભેલા છે હું મારા ખેડૂતભાઈઓ અને બહેનોને ભરોસો અપાવું છું કે તમારા વિશ્વાસ પર અમે કોઈ આંચ નહિ આવવા દઈએ. પાછલા દિવસોમાં અનેક રાજ્યોએ એ વાત સમજવી પડશે, અનેક રાજ્યો, પછી તે આસામ હોય કે આ બાજુ રાજસ્થાન હોય, જમ્મુ-કાશ્મીર હોય, એવી કેટલીય જગ્યાઓ પર પંચાયતોની ચૂંટણી થઈ. તેમાં પ્રમુખતઃ ગ્રામીણ ક્ષેત્રના લોકોએ જ મત આપવાનો હોય છે, એક રીતે ખેડૂતે જ મત આપવાનો હોય છે. આટલા ગુમરાહ કરનારા લોકોના ખેલ ચાલી રહ્યા હતા, આટલું મોટું આંદોલનનું નામ આપવામાં આવી રહ્યું હતું, હો-હલ્લા કરવામાં આવી રહ્યા હતા. પરંતુ તેની જ આજુબાજુમાં જ્યાં જ્યાં પણ ચૂંટણી થઈ છે, તે ગામના ખેડૂતોએ આ આંદોલન ચલાવનાર જેટલા પણ લોકો હતા તેમને ઈનકાર કરી દીધો છે, પરાજિત કરી દીધા છે. આ પણ એક રીતે તેમણે બેલેટ બોક્સના માધ્યમથી આ નવા કાયદાઓને ખુલ્લી રીતે સમર્થન આપ્યું છે.

**રાજનીતિક નેતાઓ જેઓ ખેડૂતોને ભ્રમિત કરવામાં લાગેલા છે જેમની લોકશાહીમાં જરા પણ શ્રદ્ધા નથી રહી**

સાથીઓ, તર્ક અને તથ્યના આધાર પર, દરેક કસોટી પર આપણા આ નિર્ણયો કઈ રીતે જઈ શકે છે. તેમાં કોઈ ખામી છે તો તેને આંગળી ચીંધવી જોઈએ. લોકશાહી છે, અમને બધી જ રીતે ભગવાને જ્ઞાન આપ્યું છે એવો દાવો અમારો નથી પરંતુ વાત તો થાય ને! આ વાતો કરવા છતાં પણ, લોકશાહીમાં અતૂટ આસ્થા અને શ્રદ્ધા હોવાના કારણે ખેડૂતો પ્રત્યે અમારું સમર્પણ હોવાના લીધે, દરેક સમયે, ખેડૂતોના દરેક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સરકાર તૈયાર છે. સમાધાન માટે અમે ખુલ્લું મન લઈને ચાલી રહ્યા છે. કેટલાંક દળો એવાં પણ છે જેઓ આ જ કૃષિસુધાર કાર્યોના પક્ષમાં રહ્યા છે, તેમનાં લિખિત નિવેદનો પણ અમે જોયાં છે, આજે તેઓ પોતાની કહેલી વાતોથી જ ફરી ગયા છે, તેમની ભાષા બદલાઈ ગઈ છે. તે રાજનીતિક નેતાઓ જેઓ ખેડૂતોને ભ્રમિત કરવામાં લાગેલા છે જેમની લોકશાહીમાં જરા પણ શ્રદ્ધા નથી રહી, તેઓ વિશ્વાસ જ નથી કરતા લોકશાહી પર, દુનિયાના અનેક દેશોમાં તેમનો પરિચય છે લોકોને, આવા લોકોને જે પણ તેમણે કહ્યું છે કે પાછલા દિવસોમાં, જે રીતના જેવા તેવા આરોપો લગાવ્યા છે, જે ભાષાનો પ્રયોગ કર્યો છે, ખબર નહિ કેવી કેવી ઈચ્છાઓ વ્યક્ત કરી છે, હું બોલી પણ નથી શકતો. આ બધું કરવા છતાં પણ તે બધી જ વસ્તુઓને સહન કરવા છતાં પણ, તેને પેટમાં ઉતારીને પણ, મન ઠંડું રાખીને પણ, એ બધાને સહન કરીને, હું આજે ફરી એક વાર નમ્રતા સાથે તે બધા જ લોકોને પણ જેઓ અમારો ઘોર વિરોધ કરવા પર લાગેલા છે, તેમને પણ કહું છું, હું નમ્રતા સાથે કહું છું કે અમારી સરકાર ખેડૂતોના હિતમાં તેમની સાથે પણ વાત કરવા માટે તૈયાર છે પરંતુ વાત મુદ્દાઓ પર થશે, તર્ક અને તથ્ય પર થશે.

**મારો દેશના ખેડૂતોને આગ્રહ છે કોઈના ભડકાવામાં ના આવશો**


સાથીઓ, અમે દેશના અન્નદાતાને ઉન્નત કરવા માટેના શક્ય તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. જ્યારે તમારી ઉન્નતિ થશે, તો આખા રાષ્ટ્રની ઉન્નતિ થવી નક્કી છે. માત્ર આત્મનિર્ભર ખેડૂત જ આત્મનિર્ભર ભારતનો પાયો નાંખી શકે છે. મારો દેશના ખેડૂતોને આગ્રહ છે – કોઈના ભડકાવામાં ના આવશો, કોઈના જુઠ્ઠાણાંને ના માનશો, તર્ક અને તથ્યને આધાર બનાવીને જ વિચાર-વિમર્શ કરો અને ફરી એકવાર આખા દેશના ખેડૂતોએ ખૂલીને જે સમર્થન આપ્યું છે તે મારા માટે અત્યંત સંતોષ અને ગર્વનો વિષય છે. હું તમારો ખૂબ આભારી છું. એક વાર ફરી કરોડો ખેડૂત પરિવારોને પીએમ કિસાન સમ્માન નિધિ માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને હું તમને સતત પ્રાર્થના કરું છું, તમારા માટે પણ સતત પ્રાર્થના કરું છું, તમે સ્વસ્થ રહો, તમારો પરિવાર સ્વસ્થ રહે, એ જ કામના સાથે આપ સૌનો ખૂબ ખૂબ આભાર!

આભાર!

●



**ગુજરાતમાં રાજકોટ ખાતે AIIMSના શિલાન્યાસ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન**




# ૨૦૨૧નો આપણો મંત્ર રહેશે દવા પણ અને સખતાઈ પણ

**આ આખું વર્ષ દુનિયા માટે આરોગ્યના મામલે અભૂતપૂર્વ પડકારોનું વર્ષ રહ્યું**

ભાઈઓ અને બહેનો, નવું વર્ષ ઉંબરે આવીને ઊભું છે. આજે દેશના મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવામાં વધુ એક કડી જોડાઈ ગઈ છે. રાજકોટમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સનો શિલાન્યાસ થવાથી ગુજરાતની સાથે સાથે આખા દેશમાં આરોગ્ય અને તબીબી શિક્ષણના નેટવર્કને તેના કારણે બળ પ્રાપ્ત થશે. ભાઈઓ અને બહેનો, વર્ષ ૨૦૨૦ને એક નવી નેશનલ હેલ્થ ફેસિલિટી સાથે વિદાય આપવી એ, આ વર્ષના પડકારોને પણ દર્શાવે છે અને નવા વર્ષની પ્રાથમિકતાઓને પણ સ્પષ્ટ કરે છે. આ આખું વર્ષ દુનિયા માટે આરોગ્યના મામલે અભૂતપૂર્વ પડકારોનું વર્ષ રહ્યું. આ વર્ષે બતાવી દીધું છે કે, આરોગ્ય જ સંપત્તિ છે, આ વાત આપણને શા માટે પૂર્વજોએ શીખવાડી હતી, તેનું આપણને વારંવાર શું કામ રટણ કરાવવામાં આવતું હતું તે આ ૨૦૨૦નું વર્ષ આપણને શીખવાડી ગયું. આરોગ્યને જ્યારે હાનિ પહોંચે તો જીવનના દરેક પરિબળ પર ખરાબ અસર પડે છે અને પછી માત્ર પરિવાર નહીં પરંતુ સામાજિક પરિઘ પણ તેની ઝપેટમાં આવી જાય છે અને તેથી વર્ષનો આ છેલ્લો દિવસ ભારતના એ લાખો ડૉક્ટરો, હેલ્થ વોરિયર્સ, સફાઈ કર્મચારીઓ, દવાની દુકાનોમાં કામ કરનારા લોકો અને બીજા ફ્રન્ટલાઈન કોરોના યોદ્ધાઓને યાદ કરવાના છે જે માનવજાતના રક્ષણ માટે સતત પોતાનો જીવ દાવ પર લગાવી રહ્યા છે. કર્તવ્યના પથ પર જે સાથીઓએ પોતાનું જીવન આપી દીધું છે તે સૌને આજે હું આદરપૂર્વક વંદન કરું છું. આજે દેશ એ સાથીઓને, એ વૈજ્ઞાનિકોને, એ કર્મચારીઓને પણ વારંવાર યાદ કરી રહ્યો છે જેઓ કોરોના સામે જંગ લડવા માટે જરૂરી મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં દિવસરાત મહેનત કરી રહ્યાં છે. આજનો દિવસ એ તમામ સાથીઓની પ્રશંસા કરવાનો છે જેમણે મુશ્કેલીના આ તબક્કામાં ગરીબો સુધી ભોજન અને અન્ય આવશ્યક સુવિધાઓ પહોંચાડવા માટે સંપૂર્ણ સમર્પણ સાથે કામ કર્યું છે. આટલો લાંબા સમય, આટલી મોટી આપત્તિ વચ્ચે પણ આ સમાજની સગંઠિત સામૂહિક તાકાત, સમાજના સેવાભાવ, સમાજની સંવેદનશીલતાના પરિણામે જ દેશવાસીઓ કોઈપણ ગરીબને પણ આ મુશ્કેલીભર્યા દિવસોમાં રાત્રે ભૂખ્યા સૂવા દીધા નથી. આ બધા જ વંદનને પાત્ર છે, આદરને પાત્ર છે.

**ભારત જ્યારે એકજૂથ થઈ જાય ત્યારે મુશ્કેલમાં મુશ્કેલ સંકટનો પણ સામનો કેટલો અસરકારક રીતે કરી શકે છે**

સાથીઓ, મુશ્કેલીભર્યા આ વર્ષે આપણને બતાવી દીધું છે કે, ભારત જ્યારે એકજૂથ થઈ જાય ત્યારે મુશ્કેલમાં મુશ્કેલ સંકટનો પણ સામનો કેટલો અસરકારક રીતે કરી શકે છે. ભારતે એકજૂથતાની સાથે જે પ્રકારે સમય પર અસરકારક પગલાં લીધાં છે તેના પરિણામે જ આજે આપણે ઘણી બહેતર સ્થિતિમાં આવી શક્યા છીએ. જે દેશમાં ૧૩૦ કરોડથી વધારે લોકો વસતા હોય, ગીચ વસ્તી હોય, ત્યાં લગભગ એક કરોડ લોકો આ બીમારી સામે લડીને જીતી ચૂક્યા છે. કોરોનાથી પીડિત સાથીઓને બચાવવાનો ભારતનો રેકોર્ડ દુનિયામાં ખૂબ જ બહેતર રહ્યો છે. ઉપરાંત, હવે સંક્રમણના કેસો પણ ભારતમાં સતત ઘટી રહ્યા છે.



**૨૦૨૧ ઇલાજની આશા લઈને આવ્યું છે**

ભાઈઓ અને બહેનો, વર્ષ ૨૦૨૦માં સંક્રમણની નિરાશા હતી, ચિંતાઓ હતી, ચારેબાજુ સવાલોથી ઘેરાયેલા હતા. આ બધા જ ૨૦૨૦ની ઓળખ બની ગયા પરંતુ ૨૦૨૧ ઈલાજની આશા લઈને આવ્યું છે. વેક્સિન મામલે ભારતમાં જરૂરી તૈયારીઓ ચાલી રહી છે. ભારતમાં બનેલી વેક્સિન ઝડપથી દરેક જરૂરી વર્ગ સુધી પહોંચે, તે દિશામાં ચાલી રહેલા પ્રયાસો અંતિમ ચરણમાં છે. દુનિયાનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવવા માટે ભારત પૂરજોશમાં તૈયારીઓમાં છે. મને વિશ્વાસ છે કે, જે પ્રકારે ગયું વર્ષ સંક્રમણને રોકવા માટે આપણે સૌએ એકજૂથ થઈને પ્રયાસો કર્યા તેવી જ રીતે રસીકરણને સફળ બનાવવા માટે આખું ભારત એકજૂથ થઈને આગળ વધશે.

**ગુજરાતમાં પણ સંક્રમણને રોકાવા માટે અને હવે રસીકરણ માટે તૈયારીઓ અંગે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી**

સાથીઓ, ગુજરાતમાં પણ સંક્રમણને રોકવા માટે અને હવે રસીકરણ માટે તૈયારીઓ અંગે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. વીતેલા બે દાયકામાં જે પ્રકારે મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતમાં તૈયાર થયું છે, તે પણ એક મોટું કારણ છે કે ગુજરાત કોરોનાના પડકાર સામે બહેતર રીતે સામનો કરી રહ્યું છે. એઈમ્સ રાજકોટ ગુજરાતના હેલ્થ નેટવર્કને વધુ સશક્ત બનાવશે, મજબૂત બનાવશે. હવે ગંભીરમાં ગંભીર બીમારીઓ માટે રાજકોટમાં જ આધુનિક સુવિધા ઉપલબ્ધ થઈ રહી છે. સારવાર અને અને શિક્ષણ ઉપરાંત તેનાથી રોજગારી માટેની પણ અનેક નવી તકોનું સર્જન થશે. નવી હોસ્પિટલમાં કામ કરનારા લગભગ ૫ હજાર લોકોને આનાથી પ્રત્યક્ષરૂપે રોજગારી મળશે. આ ઉપરાંત રહેણીકરણી, ખાવા-પીવા, ટ્રાન્સપોર્ટ, બીજી મેડિકલ સુવિધાઓ સાથે સંકળાયેલી પરોક્ષ રોજગારીનું પણ અહીં સર્જન થશે અને આપણે જોયું છે કે, જ્યાં વધુ મોટી હોસ્પિટલ હોય તેની બહાર એક નાનું શહેર પણ વસી જતું હોય છે.

**મેડિકલ સેક્ટરમાં ગુજરાતની આ સફળતા પાછળ બે દાયકાનો અવિરત પ્રયાસ, સમર્પણ અને સંકલ્પ છે**

ભાઈઓ અને બહેનો, મેડિકલ સેક્ટરમાં ગુજરાતની આ સફળતા પાછળ બે દાયકાનો અવિરત પ્રયાસ, સમર્પણ અને સંકલ્પ છે. પાછલાં ૬ વર્ષમાં આખા દેશમાં જે ઈલાજ અને મેડિકલ એજ્યુકેશન અંગે જે સ્કેલ પર કામ થયું છે, તેનો લાભ નિશ્ચિતરૂપે ગુજરાતને મળી રહ્યો છે.

**આઝાદીના આટલા દાયકાઓ પછી પણ દેશમાં માત્ર ૬ એઈમ્સ બની શકી હતી**

સાથીઓ, મોટી હોસ્પિટલોની સ્થિતિ, તેમના પર રહેતા દબાણથી તમે પણ બહુ સારી રીતે પરિચિત છો. સ્થિતિ એવી હતી કે, આઝાદીના આટલા દાયકાઓ પછી પણ દેશમાં માત્ર ૬ એઈમ્સ બની શકી હતી. ૨૦૦૩માં અટલજીની સરકારે વધુ ૬ એઈમ્સ બનાવવા માટે પગલું ભર્યું હતું. તેનું નિર્માણ થતાં સુધીમાં ૨૦૧૨નું વર્ષ આવી ગયું એટલે કે, ૯ વર્ષ લાગી ગયાં. છેલ્લાં ૬ વર્ષમાં ૧૦ નવી એઈમ્સ બનાવવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે, જેમાંથી ઘણીએ તો અત્યારે સંપૂર્ણપણે કામ કરવાનું શરૂ પણ કરી દીધું છે. એઈમ્સની સાથે સાથે દેશમાં એઈમ્સ જેવી જ ૨૦ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું પણ નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

સાથીઓ, વર્ષ ૨૦૧૪ પહેલાં આપણું હેલ્થ સેક્ટર અલગ અલગ દિશામાં હતું, અલગ અલગ અભિગમ સાથે કામ કરી રહ્યું હતું. પ્રાઈમરી હેલ્થકૅરની પોતાની અલગ સિસ્ટમ હતી. ગામડાંઓમાં સુવિધાઓ નહીંવત્ પ્રમાણમાં હતી. અમે હેલ્થ સેક્ટરમાં સર્વાંગી રીતે કામ કરવાનું શરૂ કર્યું. અમે જ્યાં એક તરફ નિવારાત્મક ઉપચાર પર ભાર મૂક્યો તો બીજી તરફ ઈલાજની આધુનિક સુવિધાઓને પણ પ્રાથમિકતા આપી. અમે જ્યાં ગરીબોના ઈલાજ પર થતા ખર્ચને ઘટાડ્યો તો બીજી તરફ એ વાત પર પણ ભાર મૂક્યો કે, ડૉક્ટરોની સંખ્યામાં ઝડપથી વધારો થાય.

**આયુષમાન ભારત યોજના અંતર્ગત દેશભરમાં છેવાડાના વિસ્તારોમાં લગભગ દોઢ લાખ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર બનાવવા માટે ઝડપથી કામ કરવામાં આવી રહ્યું છે**

સાથીઓ, આયુષમાન ભારત યોજના અંતર્ગત દેશભરમાં છેવાડાના વિસ્તારોમાં લગભગ દોઢ લાખ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર બનાવવા માટે ઝડપથી કામ કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં તેમાંથી ૫૦ હજાર કેન્દ્રોએ સેવા આપવાનું શરૂ પણ કરી દીધું છે જેમાં લગભગ ૫ હજાર કેન્દ્રો ગુજરાતમાં જ છે. આ યોજના હેઠળ આજદિન સુધીમાં દેશના લગભગ દોઢ કરોડ ગરીબોને રૂપિયા ૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવી



છે. આ યોજનાએ ગરીબ ભાઈઓ અને બહેનોને એટલી મોટી મદદ કરી છે તેના માટે હું એક આંકડો દેશને જણાવવા માંગું છું.

આયુષમાન ભારત યોજનાથી ગરીબોના લગભગ ૩૦ હજાર કરોડ રૂપિયાથી વધારે બચી શક્યા છે. ૩૦ હજાર કરોડ રૂપિયા ઘણી મોટી રકમ છે. તમે વિચારો, આ યોજનાએ ગરીબોને કેટલી મોટી આર્થિક ચિંતામાંથી મુક્તિ અપાવી દીધી છે. કેન્સર હોય, હાર્ટની સમસ્યા હોય, કિડનીની પરેશાની હોય, અનેક બીમારીઓનો ઈલાજ, મારા દેશના ગરીબોને વિનામૂલ્યે અને એ પણ સારી હોસ્પિટલોમાં આપવામાં આવી રહ્યો છે.

**દેશમાં લગભગ ૭ હજાર જન ઔષધી કેન્દ્રો**


સાથીઓ, બીમારી દરમિયાન, ગરીબોનો અન્ય એક સાથી છે - જન ઔષધી કેન્દ્ર. દેશમાં લગભગ ૭ હજાર જન ઔષધી કેન્દ્રો છે જે ગરીબોને ખૂબ જ ઓછી કિંમતે દવાઓ ઉપલબ્ધ કરાવી રહ્યાં છે. આ જન ઔષધી કેન્દ્રો પર દવાઓ લગભગ ૯૦ ટકા સુધી સસ્તા ભાવે આપવામાં આવે છે. મતલબ કે સો રૂપિયાની દવા માત્ર દસ રૂપિયામાં મળે છે. સાડા ૩ લાખથી વધારે ગરીબ દર્દીઓ, દરરોજ આ જન ઔષધી કેન્દ્રોનો લાભ લઈ રહ્યાં છે અને આ કેન્દ્રોની સસ્તી દવાઓના કારણે દર વર્ષે ગરીબોનો સરેરાશ ૩૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ બચી જાય છે. તમે અંદાજ લગાવી શકો છો કે, આનાથી કેટલી મોટી મદદ મળી રહી છે. આમ તો કેટલાક લોકોના મનમાં સવાલ થઈ રહ્યો છે કે, આખરે સરકાર ઈલાજનો ખર્ચ ઓછો કરવા, દવાઓ પર થતા ખર્ચમાં ઘટાડો કરવા પર આટલો ભાર કેમ મૂકી રહી છે?

સાથીઓ, અમારામાંથી મોટાભાગના, એ જ પૃષ્ઠભૂમિમાંથી નીકળેલા લોકો છે. ગરીબો અને મધ્યમ વર્ગમાં ઈલાજનો ખર્ચ હંમેશા બહુ મોટી ચિંતા રહે છે. જ્યારે કોઈ ગરીબને ગંભીર બીમારી થાય તો, એ વાતની સંભાવના ઘણી વધી જાય છે કે, તે પોતાનો ઈલાજ કરાવે કે નહીં. ઈલાજ માટે પૈસા ના હોય, ઘરના અન્ય ખર્ચા, પોતાની જવાબદારીઓની ચિંતા, વ્યક્તિના વ્યવહારમાં પરિવર્તન લાવી દે છે અને અમે જોયું છે કે જ્યારે ગરીબ બીમાર થાય ત્યારે તેમની પાસે પૈસા ના હોય તો, તેઓ શું કરે છે કે, દોરા ધાગાની દુનિયામાં જતા રહે છે, પૂજા પાઠની દુનિયામાં જતા રહે છે. તેમને લાગે છે કે, કદાચ ત્યાં જ બચી જાય પરંતુ તેઓ આવું કરે છે તેની પાછળનું મૂળ કારણ એ હોય છે કે, તેમની પાસે યોગ્ય જગ્યાએ જવા માટે પૈસા નથી હોતા, ગરીબી તેમને પરેશાન કરી રહી હોય છે.

સાથીઓ, અમે એ પણ જોયું છે કે, જે વ્યવહાર પૈસાના અભાવે બદલાઈ જાય છે, તે જ વ્યવહાર જ્યારે ગરીબ પાસે એક સુરક્ષા-કવચ હોય તો, એક આત્મવિશ્વાસમાં બદલાઈ જાય છે. આયુષમાન ભારત યોજના અંતર્ગત ગરીબોનો ઈલાજ લોકોની એ ચિંતા, એક વ્યવહારને બદલવામાં સફળ રહ્યો છે. તેમાં તેઓ પૈસાના અભાવે પોતાનો ઈલાજ કરાવવા માટે હોસ્પિટલોમાં નહોતા જતા, અને ક્યારેય ક્યારેક તો મેં જોયું છે કે, ઘરના જે વડીલ હોય, વધારે વડીલ નહીં પણ ૪૫-૫૦ વર્ષની ઉંમરના, મોટી વ્યક્તિઓ એ કારણે દવા નથી કરાવતા કારણ કે, તેઓ કહે છે કે, દેવું થઈ જશે તો એ દેવું બાળકોએ ચૂકવવું પડશે. અને બાળકો બરબાદ થઈ જશે. બાળકોની જિંદગી બરબાદ ના થાય તે માટે ઘણાં માતા-પિતા જીવનભર પીડા સહન કરે છે અને દર્દના કારણે જ મૃત્યુ પામે છે. દેવું ના થઈ જાય એટલે, પીડા સહન કરે પરંતુ બાળકોના નસીબમાં દેવું ન આવે એટલે ટ્રીટમેન્ટ નથી કરાવતા. ખાસ કરીને એ પણ સાચું છે કે, પ્રાઈવેટ હોસ્પિટલમાં જવાનું તો ગરીબો પહેલાં ક્યારેય વિચારી પણ નહોતા શકતા. આયુષમાન ભારત પછી આ સ્થિતિ પણ બદલાઈ ગઈ છે.

**પોતાના આરોગ્યની સુરક્ષાનો અહેસાસ, ઇલાજ માટે પૈસાની એટલી ચિંતા ન હોવી, તેના કારણે સમાજની વિચારધારામાં પરિવર્તન આવ્યું છે**

સાથીઓ, પોતાના આરોગ્યની સુરક્ષાનો અહેસાસ, ઈલાજ માટે પૈસાની એટલી ચિંતા ન હોવી, તેના કારણે સમાજની વિચારધારામાં પરિવર્તન આવ્યું છે અને આપણે તેનાં પરિણામો પણ જોઈ રહ્યા છીએ. આજે હેલ્થ અને વેલનેસ અંગે એક સતર્કતા આવી છે, ગંભીરતા આવી છે. અને આ માત્ર શહેરોમાં જ થઈ રહ્યું છે એવું નથી બલ્કે આપણા દેશનાં અંતરિયાળ ગામડાંઓમાં પણ આ જાગૃતિ આપણે જોઈ રહ્યા છીએ. વ્યવહારમાં પરિવર્તનનાં આવાં ઉદાહરણો અન્ય ક્ષેત્રોમાં પણ જોવા મળી રહ્યાં છે, જેમ કે શૌચાલયોની ઉપલબ્ધિ હોવાથી, લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિમાં વધારો થયો છે. હર ઘર જલ અભિયાનથી લોકોમાં સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત થઈ રહી છે, પાણીથી થતી બીમારીઓમાં ઘટાડો આવી રહ્યો છે. રસોડા સુધી ગેસ પહોંચ્યા પછી આપણી બહેન-દીકરીઓના સ્વાસ્થ્યમાં સુધારો



આવવાની સાથે સાથે આખા પરિવારમાં સકારાત્મક વિચારધારા પણ કેળવાઈ છે. એવી જ રીતે પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાનમાં ગર્ભવતી મહિલાઓને નિયમિત ચેકઅપ માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. અને ચેકઅપના કારણે તેમને પહેલાંથી જ ગંભીરતાથી અવગત કરવામાં આવે છે જેનો લાભ એ થઈ રહ્યો છે કે, ગર્ભાવસ્થા દરમિયાન જે કોમ્પ્લિકેટેડ કેસ હોય તેઓ ઝડપથી પકડાઈ જાય છે અને તેનો સમયસર ઈલાજ પણ થઈ જાય છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે, ગર્ભવતી મહિલાઓને પૂરતા પ્રમાણમાં પોષણ મળે, સંભાળ મળે. પોષણ અભિયાનમાં પણ તેમનામાં જાગૃતિ વધારવામાં આવી છે. આ તમામ પ્રયાસોનો એક ઘણો મોટો લાભ એ થયો છે કે, દેશમાં માતા મૃત્યુદરમાં અગાઉની સરખામણીએ નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે.

સાથીઓ, માત્ર આઉટકમ-એટલે કે પરિણામો પર જ ધ્યાન આપવું પૂરતું નથી. ઈમ્પેક્ટ – પણ મહત્ત્વપૂર્ણ છે પરંતુ સાથે સાથે ઈમ્પ્લિમેન્ટેશનનું પણ એટલું જ મહત્ત્વ છે અને તેથી જ, હું માનું છું કે, વ્યવહારમાં વ્યાપક પરિવર્તન લાવવા માટે આપણે સૌથી પહેલાં તો પ્રક્રિયામાં સુધારો લાવવો આવશ્યક છે. વીતેલાં વર્ષોમાં દેશે એ વાત પર ઘણો ભાર મૂક્યો છે. તેનું પરિણામ એ આવ્યું છે કે, આપણે જોઈ રહ્યા છીએ કે, દેશમાં હેલ્થ સેક્ટરમાં જ્યાં પાયાના સ્તરેથી પરિવર્તન આવી રહ્યું છે અને લોકોને જે સૌથી મોટી ચીજ મળી રહી તે ઍક્સેસ, એટલે કે સ્વાસ્થ્ય સુવિધાઓ સુધી તેમની પહોંચ છે. અને હું આરોગ્ય અને શિક્ષણના એક્સપર્ટ્સને આજે એ પણ આગ્રહ કરું છું કે તેઓ સરકારની આ યોજનાઓનો, દીકરીઓના શિક્ષણ પર જે પ્રભાવ પડી રહ્યો છે, તેની જરૂરિયાતનો અભ્યાસ કરે. આ યોજનાઓ, આ જાગૃતિ, શાળામાં દીકરીઓના ડ્રોપ આઉટ રેટમાં થયેલા ઘટાડા પાછળનું મોટું કારણ છે.

**દેશમાં મેડિકલ એજ્યુકેશનને પ્રોત્સાહન આપવા માટે પણ મિશન મોડ પર કામ ચાલી રહ્યું છે**

સાથીઓ, દેશમાં મેડિકલ એજ્યુકેશનને પ્રોત્સાહન આપવા માટે પણ મિશન મોડ પર કામ ચાલી રહ્યું છે. મેડિકલ એજ્યુકેશનના મેનેજમેન્ટ સાથે સંકળાયેલી સંસ્થાઓમાં સુધારા કરવામાં આવ્યા છે. પારંપરિક ભારતીય ચિકિત્સા સાથે સંકળાયેલા શિક્ષણમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. નેશનલ મેડિકલ કમિશન બનાવ્યા પછી હેલ્થ એજ્યુકેશનની ગુણવત્તા પણ બહેતર થશે અને સંખ્યા અંગે પણ પ્રગતિ થશે. સ્નાતકો માટે નેશનલ એક્ઝિટ ટેસ્ટ તેની સાથે સાથે ૨ વર્ષનો પોસ્ટ MBBS ડિપ્લોમા હોય, કે પછી પોસ્ટ ગ્રેજ્યુએટ ડૉક્ટરો માટે ડાયરેક્ટ રેસિડેન્સી સ્કીમ હોય, આવા નવા પગલાંથી જરૂરિયાત અને ગુણવત્તા બંને સ્તર પર કામ કરવામાં આવી રહ્યું છે.

**છેલ્લાં ૬ વર્ષમાં MBBSમાં ૩૧ હજાર નવી બેઠકો અને પોસ્ટ ગ્રેજ્યુએટમાં ૨૪ હજાર નવી બેઠકો ઉમેરવામાં આવી**

સાથીઓ, લક્ષ્ય એવું છે કે, દરેક રાજ્ય સુધી એઈમ્સ પહોંચે અને દરેક ૩ લોકસભા ક્ષેત્ર વચ્ચે એક મેડિકલ કોલેજ જરૂર હોય. આ પ્રયાસોના પરિણામે જ, છેલ્લાં ૬ વર્ષમાં MBBSમાં ૩૧ હજાર નવી બેઠકો અને પોસ્ટ ગ્રેજ્યુએટમાં ૨૪ હજાર નવી બેઠકો ઉમેરવામાં આવી છે. સાથીઓ, હેલ્થ સેક્ટરમાં ભારત પાયાના સ્તરે મોટાં પરિવર્તનો પર વધુ ભાર મૂકી રહ્યું છે. જો ૨૦૨૦ હેલ્થ ચેલેન્જનું વર્ષ રહ્યું હતું તો, ૨૦૨૧ હેલ્થ સોલ્યુશનનું વર્ષ રહેવાનું છે. ૨૦૨૧માં દુનિયા, આરોગ્ય અંગે વધુ જાગૃત થઈને ઉકેલો તરફ આગળ વધશે. ભારતે જે પ્રકારે ૨૦૨૦માં હેલ્થ ચેલેન્જોનો સામનો કરવામાં પોતાનું યોગદાન આપ્યું છે, તે દુનિયાએ જોઈ લીધું છે. મેં શરૂઆતમાં જ તેનો ઉલ્લેખ પણ કર્યો છે.

**ભારત, ફ્યૂચર ઓફ હેલ્થ અને હેલ્થ ઓફ ફ્યૂચર**

સાથીઓ, ભારતનું યોગદાન ૨૦૨૧માં હેલ્થ સોલ્યુશન માટે, સોલ્યુશનના વિસ્તરણ માટે મહત્ત્વપૂર્ણ રહેવાનું છે. ભારત, ફ્યૂચર ઓફ હેલ્થ અને હેલ્થ ઓફ ફ્યૂચર, બંનેમાં સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા જઈ રહ્યું છે. અહીં દુનિયાને યોગ્યતા ધરાવતા મેડિકલ પ્રોફેશનલો પણ મળશે અને સેવાભાવ પણ પ્રાપ્ત થશે. તેમજ, દુનિયાને માસ ઈમ્યુનાઈઝેશનનો અનુભવ પણ થશે અને એક્સપર્ટાઈઝ પણ મળશે. અહીં દુનિયાને હેલ્થ સોલ્યુશન અને ટેક્નોલોજીને એકીકૃત કરનારા સ્ટાર્ટઅપ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ પણ મળશે. આ સ્ટાર્ટઅપ હેલ્થકૅરને એક્સેસિબલ બનાવી રહ્યા છે અને હેલ્થનાં પરિણામોમાં સુધારો લાવી રહ્યા છે.

**બીમારીઓ હવે કેવી રીતે વૈશ્વિક થઈ રહી છે. આથી, આ સમય એવો છે કે, હેલ્થ સોલ્યુશન પણ વૈશ્વિક હોય**

સાથીઓ, આજે આપણે સૌ એ જોઈ રહ્યા છીએ કે, બીમારીઓ હવે



કેવી રીતે વૈશ્વિક થઈ રહી છે. આથી, આ સમય એવો છે કે, હેલ્થ સોલ્યુશન પણ વૈશ્વિક હોય, દુનિયા એક સાથે મળીને પ્રયાસ કરે, પ્રતિભાવ આપે. આજે અલગ અલગ પ્રયાસો, ભાગલાઓમાં રહીને કામ કરવું, એ રસ્તો કામ લાગે એવો નથી. રસ્તો એવો હોવો જોઈએ જેમાં સૌને સાથે રાખીને ચાલવાનું હોય, સૌના માટે વિચારવાનું હોય અને ભારત આજે એક એવું ગ્લોબલ પ્લેયર છે જેણે આ કરીને બતાવ્યું છે. ભારતે ડિમાન્ડ અનુસાર ‘એડપ્ટ, ઈવોલ્વ એન્ડ એક્સપાન્ડ’ કરવાની પોતાની ક્ષમતાને પુરવાર કરી બતાવી છે. આપણે દુનિયાની સાથે આગળ વધ્યા, સહિયારા પ્રયાસોમાં મૂલ્યવર્ધન કર્યું અને આજે દરેક ચીજ પરથી ઉપર આવીને આપણે માત્ર માનવજાતને કેન્દ્રમાં રાખી માનવજાતની સેવા કરી. આજે ભારત પાસે ક્ષમતા પણ છે અને સેવાની ભાવના પણ છે. આથી, ભારત ગ્લોબલ હેલ્થનું નર્વ સેન્ટર બનીને ઉદયમાન થઈ રહ્યું છે. ૨૦૨૧માં આપણે ભારતની ભૂમિકાને વધુ મજબૂત કરવાની છે.

## હવે હું ફરીથી કહી રહ્યો છું, કે દવા પણ અને સખતાઈ પણ


સાથીઓ, આપણે ત્યાં કહેવાય છે કે - ‘सर्वम् अन्य परित्यज्य शरीरम् पालयेदतः ।’ અર્થાત્ સૌથી મોટી પ્રાથમિકતા શરીરના સ્વાસ્થ્યનું રક્ષણ કરવાની છે. બાકી બધું જ છોડીને સૌથી પહેલાં સ્વાસ્થ્યની ચિંતા કરવી જોઈએ. નવા વર્ષમાં આપણે આ મંત્રને પોતાના જીવનમાં પ્રાથમિકતા સાથે ઉતારવો જોઈએ. આપણે તંદુરસ્ત રહીશું તો દેશ સ્વસ્થ રહેશે અને આપણે એ પણ જાણીએ છીએ કે, જે ફિટ ઈન્ડિયા અભિયાન ચાલી રહ્યું છે તે માત્ર નવયુવાનો માટે છે એવું નથી પરંતુ દરેક ઉંમરના લોકોએ આ ફિટ ઈન્ડિયા ચળવળમાં જોડાવું જોઈએ અને આ ઋતુ પણ ફિટ ઈન્ડિયાના આપણા અભિયાનને વેગ આપવા માટે ખૂબ સારી છે. કોઈ પરિવાર એવો ના હોય, ભલે યોગની વાત હોય, ભલે ફિટ ઈન્ડિયાની વાત હોય, આપણે પોતાની જાતને સ્વસ્થ રાખવી જ પડશે. બીમાર થયા પછી જે પરેશાનીઓ આવે છે, તેની સરખામણીએ સ્વસ્થ રહેવા માટે બહુ વધારે પ્રયાસો નથી કરવા પડતા. આથી જ ફિટ ઈન્ડિયા એ વાતને હંમેશા યાદ રાખે કે, પોતાની જાતને ફિટ રાખવી, દેશને ફિટ રાખવો, એ પણ આપણા સૌનું જ કર્તવ્ય છે. રાજકોટનાં મારાં પ્રિય ભાઈઓ-બહેનો, ગુજરાતમાં મારા પ્રિય ભાઈઓ બહેનો, એ વાત ના ભૂલતા કે, કોરોનાનું સંક્રમણ ચોક્કસ ઓછું થયું પરંતુ આ એવો વાઈરસ છે જે ઝડપથી સકંજામાં લઈ લે છે. આથી બે ગજનું અંતર, માસ્ક અને સેનિટાઈઝેશનના મામલે જરાય ઢીલાશ રાખતા નહીં. નવું વર્ષ આપણા સૌના માટે ખુશીઓ લઈને આવે. આપના માટે ને દેશ માટે નવું વર્ષ મંગલમય રહે.

પરંતુ હું એ પણ કહીશ કે, જ્યાં સુધી દવા નહીં ત્યાં સુધી ઢીલાશ નહીં, વારંવાર કહેતો હતો. હવે દવા સામે દેખાઈ રહી છે. થોડા સમયનો જ સવાલ છે, તો પણ હું કહીશ, પહેલાં હું કહેતો હતો કે દવા નહીં તો ઢીલાશ નહીં, પરંતુ હવે હું ફરીથી કહી રહ્યો છું, કે દવા પણ અને સખતાઈ પણ. સખતાઈ રાખવાની છે અને દવા પણ લેવાની છે. દવા આવી ગઈ છે તો બધી છૂટ મળી ગઈ, એવા ભ્રમમાં રહેવું નહીં. દુનિયા આ જ કહે છે, વૈજ્ઞાનિકો પણ આવું જ કહે છે માટે હવે ૨૦૨૧નો આપણો મંત્ર રહેશે, દવા પણ અને સખતાઈ પણ. બીજી એક વાત કે, આપણા દેશમાં અફવાઓનું બજાર બહુ ગરમ રહે છે. જાત જાતના લોકો પોતાના અંગત સ્વાર્થ માટે ક્યારેક બિનજવાબદારીભર્યા વ્યવહાર માટે વિવિધ જાતની અફવાઓ ફેલાવે છે. શક્ય છે કે, જ્યારે વેક્સિનનું કામ શરૂ થઈ ગયું છે તો, અફવાઓનું બજાર પણ એટલું જ તેજ ચાલશે. કોઈને ખરાબ દેખાડવા માટે સામાન્ય માણસોનું કેટલું નુકસાન થઈ રહ્યું છે તેની પરવા કરવા કર્યા વગર ન જાણે અનેક કાલ્પનિક જુઠ્ઠાણાંઓ ફેલાવવામાં આવશે.

અમુક સંખ્યામાં તો શરૂ થઈ પણ ગયાં છે અને ભોળા ગરીબ લોકો અથવા કેટલાક ખોટા ઈરાદાથી કામ કરનારા લોકો મોટા કન્વિક્શન સાથે તેને ફેલાવે છે. હું દેશવાસીઓને આગ્રહપૂર્વક કહું છું કે, કોરોના વિરુદ્ધ એક અજાણ્યા દુશ્મન સામેની લડાઈ છે. અફવાનું બજાર ગરમ ના થવા દેશો, આપણે સોશિયલ મીડિયા પર કંઈપણ દેખાય તો તેને સીધું ફોરવર્ડ ના કરવું જોઈએ. આપણે પણ એક જવાબદાર નાગરિક તરીકે, આવનારા દિવસોમાં દેશની અંદર સ્વાસ્થ્યનું જે અભિયાન ચાલશે, તેમાં આપણે સૌ પોતાની રીતે યોગદાન આપીશું. બધા જ પોતાના તરફથી જવાબદારી ઉપાડે અને જે લોકો માટે પહેલાં આ વાત પહોંચાડવાની છે તેમને આપણે સંપૂર્ણ મદદ કરીએ. જેવો વેક્સિનનો મામલો આગળ વધશે તેમ દેશવાસીઓને સમયસર તેની માહિતી મળશે. હું ફરી એકવાર ૨૦૨૧ માટે આપ સૌને ખૂબ જ શુભેચ્છાઓ પાઠવું છું.

આભાર!

●



હેમત ગોહિલ

# શ્રીરામમંદિર-નિર્માણ
# ભવ્ય અને દિવ્ય રામરાજય તરફ



## શ્રી રામજન્મભૂમિની મુક્તિ

શ્રી રામજન્મભૂમિને લઈને સાડા ત્રણસો વર્ષો કાનૂની લડાઈ ચાલી. સમયાંતરે રાજા-મહારાજાઓ, મોગલો, અંગ્રેજોની અદાલતોમાં કેસ ચાલ્યા પણ નક્કર પરિણામ ના મળ્યું. ૧૯૪૯માં વિવાદિત સ્થાને કેટલાક રામભક્તોએ રામલલાના બાળસ્વરૂપની મૂર્તિ પ્રસ્થાપિત કરી દીધી. ત્યારથી ન્યાયાલયની ચોખટે લડાઈ શરૂ થઈ. પાંચ દાયકાના કાનૂની સંઘર્ષ બાદ પુરાતત્ત્વ વિભાગનાં અનેક સર્વેક્ષણો—સંશોધનો બાદ ૨૦૧૧માં સુપ્રીમ કોર્ટે ચુકાદામાં કહ્યું કે, "જ્યાં ગર્ભગૃહ છે તે જમીન શ્રી રામજન્મભૂમિ ન્યાસની, હિન્દુઓની છે. આ ગર્ભગૃહ એ જ જગ્યા છે જ્યાં ભગવાન શ્રી રામનો જન્મ થયો હતો. બાબરે જ મંદિર તોડીને ઢાંચો ઊભો કર્યો હતો તે સાબિત થયું. ૯મી નવેમ્બર-૨૦૧૮ના રોજ પાંચ માનનીય ન્યાયાધીશોની બેંચે, જેમાં એક મુસ્લિમ ન્યાયાધીશ પણ હતા, તેમણે ઐતિહાસિક ચુકાદો આપ્યો કે, ગર્ભગૃહની જગ્યા રામજન્મભૂમિ ન્યાસને સોંપાય અને મસ્જિદ માટે વૈકલ્પિક જમીન આપવી." આ ચુકાદો આવતાં જ સદીઓ જૂના શ્રી રામમંદિર નિર્માણના સંઘર્ષનો અંત આવ્યો.



## ભૂમિપૂજન

હિન્દુઓની પ્રબળ આસ્થાએ ભૂમિપૂજન વખતે હજારો પવિત્ર સ્થાનોની માટી અને ૧૦૦થી વધુ પવિત્ર નદીઓનું જળ અયોધ્યા પહોંચ્યાં અને ૫ મી ઓગસ્ટ-૨૦૨૦ ના શુભ દિને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, સર સંઘચાલક મા. શ્રી મોહનજી ભાગવત અને નિમંત્રિત સાધુ-સંતો, સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં અયોધ્યા ખાતે રામમંદિર નિર્માણનું ભૂમિપૂજન થયું. શ્રી રામમંદિર હિન્દુઓ માટે ઈશ્વરીય આસ્થાનું, રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતીક છે, ભારતની સંસ્કૃતિનું ગૌરવ છે. સાધુ-સંતો, ગૃહસ્થો, રાય, રંક, કલાકારો, કસબીઓ તથા હિન્દુ સમાજના પ્રત્યેક માનવીનું પવિત્ર સ્થાન છે. દરેક ભાષા, પ્રાંત, પહેરવેશ, જાતિ-બિરાદરીનું પ્રેરક કેન્દ્ર છે, ભારતની સામાજિક અને ધાર્મિક ચેતનાનું જીવંત કેન્દ્ર છે.

## અયોધ્યામાં ઈતિહાસ રચાયા

અયોધ્યાની પાવનભૂમિ પરથી શ્રીરામ મંદિર નિર્માણના ભૂમિપૂજન બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા પ્રવચનમાં જણાવ્યું હતું કે, "અયોધ્યામાં આજે ઈતિહાસ રચાયો છે. વર્ષો સુધી ન્યાયાલયમાં કેસ ચાલ્યા બાદ આજે અયોધ્યામાં શ્રીરામ મંદિરનો પાયો નંખાયો છે. સદીઓથી ચાલી રહેલ તૂટવા અને ઊઠવાના ક્રમથી રામજન્મભૂમિ આજે મુક્ત થઈ છે. શ્રીરામનું આ મંદિર આપણી સંસ્કૃતિનું આધુનિક પ્રતીક બનશે. આજે આ જયઘોષ માત્ર સિયારામની નગરીમાં જ નહીં તેની ગુંજ સમગ્ર વિશ્વમાં ગુંજી રહી છે. મારું સૌભાગ્ય છે કે શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટે મને આમંત્રિત કર્યો અને આ ઐતિહાસિક પળનો સાક્ષી બનવાનો અવસર આપ્યો તેના માટે હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.



## શ્રી રામમંદિર ભારતના નિર્માણનો શુભારંભ છે - માન. શ્રી મોહનજી ભાગવત

જીવન જીવવાનું શિક્ષણ આપવું છે. આજે કોરોનાનો કાળ ચાલી રહ્યો છે, આખું વિશ્વ અંતર્મુખ થઈ ગયું છે. વિચારી રહ્યું છે કે કયાં ભૂલ થઈ છે અને રસ્તો કેવી રીતે નીકળી શકશે? બે રસ્તા જોઈ લીધા, ત્રીજો કોઈ રસ્તો છે ખરો? હા, છે. આપણી પાસે છે. આપણે આપી શકીએ છીએ. આપવાનું કામ આપણે કરવાનું છે. તેનો સંકલ્પ કરવાનો પણ આજનો દિવસ છે.

તેને માટે આવશ્યક તપ અને પુરુષાર્થ આપણે કર્યાં છે. પ્રભુ શ્રી રામના ચરિત્રમાંથી આજ સુધી આપણે જોઈશું કે બધો જ પુરુષાર્થ, પરાક્રમ, વીરવૃત્તિ આપણી રગેરગમાં છે, તેને આપણે ખોઈ દીધી નથી, તે આપણી પાસે છે. આપણે શરૂ કરીશું તો થઈ જ જશે. આ પ્રકારનો વિશ્વાસ, પ્રેરણા, સ્ફુરણ આપણને આજના દિવસ પાસેથી મળે છે. બધા જ ભારતવાસીઓને મળે છે, કોઈ પણ અપવાદ નથી, કારણ રામ બધાના છે અને બધામાં રામ છે.

અને એટલા માટે હવે અહીં ભવ્ય મંદિર બનશે, બધી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જવાબદારીઓ વહેંચાઈ ગઈ છે, જેમનું જે કામ છે તે તેઓ કરશે. એ વખતે આપણા બધાનું શું કામ રહેશે? આપણે માથે આપણા મનની અયોધ્યાને સજાવવાનું અને ઠીક કરવાનું કામ રહેશે.

આ ભવ્ય કાર્ય માટે પ્રભુ શ્રી રામ, જે ધર્મનો આદર્શ મનાય છે, તે જોડનારો, ધારણ કરનારો, ઉપર ઉઠાવનારો, સહુની ઉન્નતિ કરનારો બધાને પોતાના માનનારો ધર્મ છે. તેનો ધ્વજ આપણા ખભે લઈ સંપૂર્ણ વિશ્વને સુખ-શાંતિ આપનારું ભારત આપણે ઊભું કરી શકીએ, એ માટે આપણે આપણા મનની અયોધ્યા બનાવવાની છે.

### શ્રી રામજન્મભૂમિ ચળવળ ભાજપે નેતૃત્વ કર્યું

શ્રી રામજન્મભૂમિ માટે અશોકજી સિંઘલે ધર્મસંસદ યોજી સંત સમાજને ચળવળ સાથે જોડયો. તો ૧૯૯૦માં રામ રથયાત્રા યોજીને અડવાણીએ જનતાને જોડી. ૧૯૮૦-૯૦ના દાયકામાં આ વિવાદ માત્ર કોર્ટમાં જમીનની માલિકી મેળવવા માટેનો કેસ હતો. પરંતુ ભાજપ અને વિહિપે તેને લોકભાવનામાં પરિવર્તિત કર્યો. અશોકજીના નેતૃત્વમાં વિહિપે ૧૯૮૪-૮૫ ના સમયમાં અને ભાજપે ૧૯૯૦ ના દાયકામાં રામજન્મભૂમિ આંદોલન શરૂ કર્યું અને તે રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્રમાં આવી ગયું હતું. આ ચળવળની કલ્પના રામચંદ્ર પરમહંસ દ્વારા કરાઈ હતી. ત્યારબાદ ૧૯૯૦માં રામ રથયાત્રા કાઢી.

### સોમનાથથી યાત્રાનો પ્રારંભ

૨૫ સપ્ટેમ્બર, ૧૯૯૦. અયોધ્યા વિવાદમાં સુપ્રીમ કોર્ટમાં ચુકાદા બાદ આ તારીખ ફરી ચર્ચામાં આવી હતી. આ તારીખ એટલે ભારતીય જનસંઘના નેતા પં. દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતીનો દિવસ. દર વર્ષ ૨૫ સપ્ટેમ્બર હોય અને એલ.કે. અડવાણીજી સોમનાથ મહાદેવનાં દર્શને ના આવે એવું ક્યારેય બનતું નહીં. ભાજપના તત્કાલીન પ્રમુખ લાલકૃષ્ણ અડવાણીએ પણ રામ રથયાત્રા માટે આ જ દિવસ પર પસંદગી ઉતારી હતી. આ વાતને પણ આજે દાયકાઓ વીતી ગયા. અયોધ્યામાં રામમંદિર માટે આ યાત્રા હતી. ૧૨ મી સપ્ટેમ્બરના રોજ રામ રથયાત્રાની જાહેરાત કરવામાં આવી હતી.


સોમનાથ અને અયોધ્યા બન્ને સ્થળો ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં હતાં. સોમનાથમાં મંદિરનું પુનઃ નિર્માણ કરાયું હતું એમ અયોધ્યામાં પણ મંદિરના પુનઃ નિર્માણની નેમ હતી. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં સોમનાથ ટ્રસ્ટની ઢબે રામમંદિરના નિર્માણ માટે ટ્રસ્ટ રચવા જણાવ્યું હતું. આમ, સોમનાથની શરૂ થયેલી યાત્રાની સોમનાથ પર પૂર્ણાહુતિ થઈ હતી.

### શ્રી નરેન્દ્રભાઈ મોદીની યાત્રાની જવાબદારી

૨૫ સપ્ટેમ્બરના રોજ શરૂ થયેલી રામ રથયાત્રા ૧૦ હજાર કિલોમીટરનો પ્રવાસ કરી ૩૦ ઓકટોબરે અયોધ્યા પહોંચવાની હતી. ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર થઈ યાત્રા ઉત્તરપ્રદેશના અયોધ્યા પહોંચવાની હતી. અડવાણીજી સવારે સોમનાથ પહોંચી ગયા હતા. લગભગ ૧૧ વાગે રામ રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું. પક્ષના તત્કાલીન રાષ્ટ્રીય મહામંત્રી નરેન્દ્રભાઈ મોદીના માથે મોટાભાગની જવાબદારીઓ હતી.

### અંતે રામમંદિર નિર્માણના દરવાજા ખૂલ્યા

૯ મી નવેમ્બર ૨૦૧૭ ના રોજ પાંચ માનનીય ન્યાયધીશ ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈ, જસ્ટિસ શ્રી બોબડે, જસ્ટિસ શ્રી ડી. વાય ચંદ્રચૂડ, જસ્ટિસ શ્રી અશોક ભૂષણ અને જસ્ટિસ શ્રી એસ. અબ્દુલ નઝીરની બેન્ચે નિર્ણય





આપ્યો કે વિવાદિત જમીન પર ટ્રસ્ટ દ્વારા શ્રી રામમંદિર ચોક્કસ બનાવાશે અને મુસ્લિમોને મસ્જિદ માટે પાંચ એકર અન્ય જગ્યાએ વૈકલ્પિક જમીન આપવામાં આવશે. આ ચુકાદાથી ભારતનાં તમામ નાગરિકોમાં આનંદ વ્યાપી ગયો હતો.

ત્યાર બાદ ૫ મી ઓગસ્ટ, ૨૦૨૦ના ઐતિહાસિક દિને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, રા. સ્વ. સંઘના પ. પૂ. સરસંઘચાલક મા. શ્રી મોહનજી ભાગવત તથા અનેક પૂજનીય સાધુ-સંતોની ઉપસ્થિતિમાં શ્રી રામમંદિર-નિર્માણનું ભૂમિપૂજન થયું.

## શ્રી રામમંદિરનો પાયો મકરસંક્રાતિએ

અયોધ્યામાં રામમંદિરના નિર્માણનો પાયો મકરસંક્રાતિએ નાખવામાં આવશે તેમ શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના મહાસચિવ અને વિહિપના આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ચંપતરાયે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મંદિરનું નિર્માણકાર્ય ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં પૂરું કરવામાં આવશે. ચંપતરાયે આ માહિતી વારાણસીમાં પ્રેસ કોન્ફરન્સમાં આપી હતી. વિહિપ નેતાએ જણાવ્યું હતું કે પાયાની મજબૂતી પર મંથન કરવામાં આવી રહ્યું છે, જેમાં આઈઆઈટી, મુંબઈ, ગુવાહાટી, ચેન્નાઈ, રૂડકી, એનઆઈટી સુરત, ટાટા, એલએન્ડટીના વિશેષજ્ઞો સામેલ છે. રામમંદિરની સુરક્ષાને લઈને અનેક પાસાંઓને જોવામાં આવશે. પાયાની જમીન રેતાળ હોઈ તેને ધ્યાને લઈને પથ્થર, કોંક્રિટ અને ત્રાંબાનો ઉપયોગ કરવામાં આવશે. ચંપતરાયે વધુમાં જણાવ્યું હતું કે રામમંદિરના નિર્માણ માટે ધનસંગ્રહ અભિયાન ચલાવવામાં આવશે જે અંતર્ગત ૧૧ કરોડ ઘરોના સંપર્કનું લક્ષ્ય રખાયું છું.

## ભાજપના કાર્યકર્તાઓ ભવ્ય રામ મંદિર નિર્માણ કાર્ય માટે સંકલ્પબદ્ધ

જ્યારથી દેશની સર્વોચ્ચ અદાલતે શ્રીરામજન્મભૂમિ ખાતે રામમંદિરની તરફેણમાં ચુકાદો જાહેર કર્યો છે ત્યારથી દેશભરના હિન્દુઓમાં અને આ આંદોલન સાથે સંકળાયેલ હિન્દુ સંગઠનોમાં ઉત્સાહ અને આનંદની લહેર દોડી ગઈ છે.

અયોધ્યામાં શ્રીરામ મંદિરના નિર્માણનો પાયો હિન્દુઓનું પવિત્ર પર્વ મકરસંક્રાંતિએ નાખવામાં આવશે. મંદિરના નિર્માણનું કાર્ય લગભગ સન ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થઈ જશે. હિન્દુઓમાં આરાધ્ય ભગવાન શ્રીરામનું મંદિર ભવ્ય અને દિવ્ય બને તેના માટે સૌ કોઈ થનગની રહ્યા છે. ભાજપના કાર્યકર્તાઓ અને ભાજપની ભગિની સંગઠનોના કાર્યકર્તાઓ પણ શ્રી રામમંદિરના નિર્માણના કાર્યમાં તન, મન અને ધનથી જોડાવા શ્રી રામજન્મભૂમિ સમિતિ સાથે જોડાવા તત્પર બની ગયા છે.

અયોધ્યા ખાતે બનનાર ભવ્ય શ્રીરામ મંદિરમાં સામાન્યમાં સામાન્ય વ્યક્તિનો પણ હિસ્સો રહે તે વાત ધ્યાને રાખી મંદિરનિર્માણ સમિતિએ આયોજન કર્યું છે. આ માટે શ્રીરામ જન્મભૂમિ નિધિ સમર્પણ અભિયાન દેશભરમાં ચલાવવામાં આવશે. આ અભિયાનના ભાગરૂપે ગુજરાત પ્રદેશ ભાજપના કાર્યકર્તાઓ કાર્યમાં લાગી ગયા છે. આ અભિયાનની જાગૃતિ માટે ગુજરાતભરનાં મહાનગરોમાં વોર્ડ સહ બેઠકો યોજાઈ ગઈ. જિલ્લાઓમાં મંડલ સહ બેઠકો યોજાઈ ગઈ. એમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો. ભાજપાના શ્રીરામ જન્મભૂમિ નિધિ સમર્પણ અભિયાનમાં નિમાયેલા ઈન્ચાર્જીએ લોકોને માર્ગદર્શન કર્યું અને આગામી દિવસોમાં પક્ષ તરફથી જે કંઈ કાર્યક્રમો આવે તે કાર્યમાં લાગી જવા આહ્‌વાન કર્યું.

સમન્વય બેઠકમાં નક્કી થયા મુજબ તમામને ધ્યાનમાં રાખીને રૂા. ૧૦, રૂા. ૧૦૦ અને રૂા. ૧૦૦૦ની નિધિની કુપન રાખવામાં આવી છે. છેવાડાના માનવીને પણ લાગે કે અમારા આરાધ્ય ભગવાન શ્રીરામના મંદિરનિર્માણમાં અમારો પણ નાનકડો પણ મહત્ત્વનો હિસ્સો છે.

●



**ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં જૂનાગઢ અને અમરેલી ખાતે 'સરપંચ સંવાદ' કાર્યક્રમ યોજાયો**




# ગ્રામજનો માટે, સમાજ માટે કોઈપણ જાતની અપેક્ષા વગર કાર્ય કરવાની ઇચ્છા સાથે આપ સૌ સરપંચશ્રીઓ સતત જનસેવા અને ગ્રામવિકાસનું જે કાર્ય કરો છો તે માટે આપ સૌને અભિનંદન પાઠવું છું - શ્રી સી. આર. પાટીલ

મોટી સંખ્યામાં ઉપસ્થિત જિલ્લાના વિવિધ ગામના સરપંચશ્રીઓને સંબોધન કરતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, ગ્રામજનો માટે, સમાજ માટે કોઈપણ જાતની અપેક્ષા વગર કાર્ય કરવાની ઈચ્છા સાથે આપ સૌ સરપંચશ્રીઓ સતત જનસેવા અને ગ્રામવિકાસનું જે કાર્ય કરો છો તે માટે આપ સૌને અભિનંદન પાઠવું છું. આપણા દ્વારે આવેલા નાગરિકની સમસ્યા જાણી અને સમજી તેનું નિરાકરણ લાવીએ એ જ આપણો સૌથી મોટો નફો છે. શ્રી સી. આર. પાટીલે સૌ સરપંચશ્રીઓને ગ્રામજનો માટે કરવામાં આવતાં વિવિધ કાર્યોના ડિજિટલ ડેટા સંગ્રહનું મહત્ત્વ સમજાવી તમામ કામોના રેકોર્ડ રાખવા અંગે એક સુનિયોજિત સિસ્ટમ સાથે કાર્ય કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ સરપંચશ્રીઓને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી ગ્રામ્ય વિસ્તારના વધુમાં વધુ લોકોને સરળતાથી મળી રહે અને મહત્તમ લાભાર્થીઓને સરકારની યોજનાઓનો લાભ મળે તે માટે ઉપસ્થિત સૌ સરપંચશ્રીઓને 'વ્હોટ્સેપ હેલ્પડેસ્ક' અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ૦૨૬૧-૨૩૦૦૦૦૦ નંબર પોતાના મોબાઈલમાં સેવ કરીને વ્હોટ્સેપમાં 'રૈ' મેસેજ કરવાથી મેસેજ આવશે જેનો રીપ્લાય '૦'(ઝીરો) લખીને મોકલવાથી યોજનાઓનું લિસ્ટ નંબર સાથે આવશે. જે યોજના વિશે માહિતી જોઈતી હોય તે યોજનાનો નંબર લખીને મોકલવાથી જે તે યોજનાની સંપૂર્ણ માહિતી મેસેજ મારફત આવી જશે. આ હેલ્પડેસ્કના ઉપયોગ થકી વધુ ને વધુ લાભાર્થીઓ સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચતા કરવા શ્રી સી. આર. પાટીલે સરપંચશ્રીઓને આહ્વાન કર્યું હતું.

તેમણે ભાજપા સરકારની મહિલાઓ, વિધવા બહેનો, વૃદ્ધો, દિવ્યાંગજનો, નાની દીકરીઓ, યુવાઓને લગતી વિવિધ યોજનાઓના લાભ ગામના પ્રત્યેક ઘર સુધી પહોંચે તે દિશામાં કાર્ય કરવા જણાવ્યું હતું. પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજના, વિધવા પેંશન યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના જેવી યોજનાઓનો મહત્તમ લાભ ગ્રામજનોને અપાવવા અપીલ કરી હતી. ઘરમાં આજીવિકા માટે આર્થિક ઉપાર્જન કરતા વ્યક્તિનું જો અકસ્માતે નિધન થાય તો પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજનાનું વાર્ષિક ૧૨ રૂપિયાના નજીવા પ્રીમિયમથી લીધેલો વીમો તેના પરિવાર માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. વિધવા પેંશન યોજના અને સુકન્યા સમૃદ્ધિ યોજનાના મર્મ અંગે તેમણે છણાવટ કરી હતી. જૂનાગઢના માછીમારોને પણ તેમને સહાયરૂપ યોજનાઓ અંગે જાગૃત કરવા શ્રી પાટીલે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, આગામી ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવવા ભાજપા પાસે પ્રથમ બ્રહ્માસ્ત્ર તરીકે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો લોકપ્રિય અને વિશ્વસનીય ચહેરો છે, રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકારની પ્રજાલક્ષી કામગીરીનું ભાથું છે અને બીજું બ્રહ્માસ્ત્ર પેજકમિટી છે. રાજ્યભરમાં ચાલી રહેલ ભાજપાના પેજસમિતિ અભિયાનથી ભાજપા સંગઠન વધુ મજબૂત બની રહ્યું છે, પેજસમિતિના પાંચ સભ્યો ચૂંટણીમાં ભવ્ય સફળતા મેળવવા માટેનો અતિમહત્ત્વનો હિસ્સો છે. સરપંચ-સંવાદના કાર્યક્રમને સફળ બનાવવા લિપિબેન ખંધાર અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી અને જનકલ્યાણનું કાર્ય નિસ્વાર્થ ભાવે કરવા બદલ પ્રદેશ અધ્યક્ષશ્રી પાટીલે તેમના કાર્યને બિરદાવી તેમનો આભાર માન્યો હતો.



**'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ' ૧૧૦૦ કરોડથી વધારી**
**રૂપિયા ૬૦,૦૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી**

# સમર્થ અને પ્રતિભાશાળી હોવા છતાં આર્થિક તંગીને કારણે ઉચ્ચ શિક્ષણ મેળવવામાં અસમર્થ અનુસૂચિત જાતિ સમાજના વિદ્યાર્થીઓ માટે આ નિર્ણયથી ઉચ્ચ શિક્ષણનાં દ્વાર ખૂલ્યાં છે - શ્રી સી. આર. પાટીલ



ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, તાજેતરમાં જ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની કેબિનેટ કમિટી ઓફ ઈકોનોમિક અફેર્સે અનુસૂચિત જાતિ વર્ગના વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ અર્થે 'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ' ૧૧૦૦ કરોડથી વધારી રૂપિયા ૬૦,૦૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી છે, અનુસૂચિત જાતિ સમાજના ઘણા વિદ્યાર્થીઓ આર્થિક



સંકડામણને કારણે સમર્થ અને પ્રતિભાશાળી હોવા છતાં ઉચ્ચ શિક્ષણ મેળવવામાં અસમર્થ હતા, આ પ્રકારે અતિ મહત્ત્વનો નિર્ણય કરી અનેક વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનાં દ્વાર ખોલવા બદલ હું પ્રધાનમંત્રીશ્રીનો સહૃદય આભાર વ્યક્ત કરી તેમને અભિનંદન પાઠવું છું.

તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ દેશના ગરીબ, દલિત, પછાત વર્ગના ઉત્થાન માટે અનેક નિર્ણયો કર્યા છે. વર્ષો પહેલાં ડો.બાબા સાહેબ આંબેડકરજીએ શિક્ષણ અને સામાજિક ન્યાય અંગેની જે વાત કરી હતી તેને સાર્થક કરવાનું કાર્ય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. પૈસાના અભાવે શિક્ષણ છોડવું પડતું હોય તેવા અનુસૂચિત જાતિ સમાજના અનેક વિદ્યાર્થીઓનો ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો થયો છે. અનુસૂચિત જાતિ સમાજના યુવાનો પણ હવે તેમની કુશળતાના વિષયોમાં આગળ અભ્યાસ કરીને દેશના નિર્માણમાં પોતાનું નોંધપાત્ર યોગદાન આપશે.

તેમણે જણાવ્યું હતું કે, આવનારાં પાંચ વર્ષમાં દેશના અંદાજે ૪ કરોડથી વધુ અનુસૂચિત જાતિ સમાજના વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિની સહાયથી ઉચ્ચ શિક્ષણ મેળવી સુસજ્જ બનશે, DBના માધ્યમથી શિષ્યવૃત્તિની રકમ સીધી તેમના ખાતામાં જમા થશે. આ નિર્ણય ગુજરાતના અનુસૂચિત જાતિના અનેક વિદ્યાર્થીઓ માટે પણ આશીર્વાદરૂપ સાબિત થશે.

આ પત્રકાર પરિષદમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર, સાંસદશ્રી અને પ્રદેશ પ્રવક્તા શ્રી ડો.કિરીટભાઈ સોલંકી, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, પૂર્વ સાંસદ અને ભાજપાના પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષશ્રી શંભુનાથજી ટૂંડિયા તથા પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ ડાંગર ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનુસૂચિત જાતિ સમાજના વિદ્યાર્થીઓ માટે જાહેર કરેલી 'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ'ને આવકારી આભાર માન્યો હતો અને સમગ્ર અનુસૂચિત જાતિ સમાજ આ નિર્ણય માટે પ્રધાનમંત્રીશ્રીનો આભારી રહેશે તેમ જણાવ્યું હતું.





# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિવિધ સંગઠનોમાં કાર્યરત કાર્યકર્તાની ત્રણ દિવસીય અખિલ ભારતીય સમન્વય બેઠક

- **૫ લાખ ગામોમાં ૧૦ કરોડથી વધુ ઘરોમાં શ્રી રામમંદિરના નિર્માણ માટે સહયોગનો સંકલ્પ**
- **કોરોના પડકાર ઉપરાંત સમાજ આત્મનિર્ભર - સ્વરોજગાર - કૌશલ્યવિકાસને સમાજનું અંદોલન બનાવાશે**
- **મહોલ્લા પાઠશાળાના માધ્યમથી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે**
- **સમરસ સમાજ, સંસ્કારિત પરિવારના નિર્માણ માટે તમામ સંગઠનો પ્રાધાન્યતા સાથે કાર્ય કરશે**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિવિધ સંગઠનોમાં કાર્યરત કાર્યકર્તાની ત્રણ દિવસીય અખિલ ભારતીય સમન્વય બેઠક, કર્ણાવતી યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૫ થી ૭ જાન્યુઆરી ૨૦૨૧ દરમિયાન યોજાઈ હતી. આ પ્રસંગે આયોજિત પ્રેસ વાર્તાને સંબોધન કરતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ સરકાર્યવાહ ડૉ. કૃષ્ણગોપાલજીએ કહ્યું હતું કે સમન્વય બેઠકમાં કોરોના સમયગાળામાં, દેશભરમાં વિવિધ સંગઠનો દ્વારા વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી તેની પરસ્પર માહિતી આપવામાં આવી.

કોરોના સમયગાળા દરમિયાન શાળાઓ બંધ હોવાને કારણે, વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરવામાં અસમર્થ હતા, તેમના શિક્ષણ માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દેશમાં વિદ્યાર્થી પરિષદ દ્વારા મહોલ્લા પાઠશાળા અને ઓન લાઇન શિક્ષણ દ્વારા ૧૦,૦૦૦ જેટલાં સ્થળોએ બાળકોને ભણાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યમાં હજારો શિક્ષકોએ વધારે સમય ફાળવીને કાર્યમાં લાગ્યા, આ સિવાય હજારો કાર્યકર્તાઓ દ્વારા નાના નાના જૂથોમાં બાળકોને શિક્ષિત કરવાનું કામ કર્યું છે. આમ, આ ગંભીર રોગચાળાને રાષ્ટ્રીય આપદામાનીને તેમણે સમાજની સાથે મળીને કામ કર્યું. આનંદની વાત છે કે આ દેશના સમાજે જે એકતા બતાવી તે અભૂતપૂર્વ છે. વર્તમાન કાળમાં, દેશ આત્મનિર્ભરતા તરફ ઝડપથી આગળ વધે, કોરોના સમયગાળાના સંકટને પાર કરીને, દેશની અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધે.આ માટે, આપણા હજારો કાર્યકરો કૌશલ્યવિકાસના કાર્યમાં લાગશે.

શ્રી રામજન્મભૂમિ મંદિરનિર્માણનો  વિષય પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ સ્થિતિમાં આવી ગયો છે. એક ભવ્ય મંદિર શીઘ્રતાથી બને તેને લઈને દેશ અને દુનિયામાં વાતાવરણ ઊભું થયેલ છે. દેશભરમાં શ્રી રામમંદિરના નિર્માણ હેતુ વ્યાપક સંપર્કનુંકાર્ય થશે અને તમામ કાર્યકર્તાઓ દ્વારા શ્રી રામમંદિરના નિર્માણ માટે ૫ લાખથી વધુ ગામોમાં ૧૦ કરોડથી વધુ ઘરોનો સંપર્ક કરાશે. અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેને દરેક પરિવારો દ્વારા કંઈ ને કંઈ સહયોગ પ્રાપ્ત થશે. આ બેઠકમાં પણ તેની ચર્ચા કરવામાં આવી હતી.

જે નવી શિક્ષણનીતિ આવી છે તેનું બધાએ સ્વાગત કર્યું. આ ઉપરાંત અલગ અલગ વિષયો જેવા કે પર્યાવરણ, સંરક્ષણ, જળસંચય, વૃક્ષારોપણ અને પ્લાસ્ટિકથી છુટકારો મેળવવાની દૃષ્ટિએ દેશમાં પર્યાવરણીય પ્રવૃત્તિઓનું કામ ઝડપથી વધી રહ્યું છે તેના પર વિચાર કરવામાં આવ્યો.

કુટુંબ પ્રબોધન અંતર્ગત સંસ્કારિત પરિવારોના નિર્માણમાં તથા સમરસ સમાજ માટે  બધા કાર્યકર્તા પ્રાથમિકતાથી કાર્ય કરશે, તે ધ્યાનમાં લેવું જોઈએ કે ભેદભાવને દૂર કરવા માટે ઝડપી કાર્ય થવું જોઈએ, અને એક ભેદરહિત સમરસ સમાજનું નિર્માણ થવું જોઈએ તેવો વિચાર થયો.

●



# શહેરોથી આધુનિક શહેરોની વિકાસયાત્રા

## ઈઝ ઓફ લિવિંગ તરફ આગળ વધીને ગુજરાતનાં શહેરોને સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાજનક બનાવાયાં

### શહેરોની ઝડપ ધીમી ના પડે તે માટે રસ્તાઓનું નિર્માણ

- છેલ્લાં ૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં રૂ. ૬૨૯૫.૭૭ કરોડના ખર્ચે ૯૦૬૫.૪૧ કિ.મી. રોડનું નિર્માણ કરવામાં આવ્યું.
- છેલ્લાં ૫ વર્ષમાં મહાનગરપાલિકાઓમાં ૩૬ અને નગરપાલિકાઓમાં ૪૫ બ્રિજ અને ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું.

### ફાટકમુક્ત ગુજરાત

- છેલ્લાં ૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં રૂ. ૫૦૮.૪ કરોડના ખર્ચે ૩૧ રેલવે ફાટકો દૂર કરીને ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવ્યા.

### ગુજરાતમાં બનશે દુબઈ સિંગાપુર જેવી ઊંચી ઇમારતો

- રાજ્ય સરકારે ૫ મહાનગરોમાં ૭૦ માળની બિલ્ડિંગ બાંધવાની પરમિશન આપી.
- છેલ્લાં ૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં ૧૩૯ પાર્ક બનાવવામાં આવ્યા.
- સરકારી સુવિધાઓ સરળતાથી મળે તે હેતુથી જનસેવા કેન્દ્રો કાર્યરત.
- શહેરોમાં નવા અને આધુનિક બસ-ડેપોનું નિર્માણ કરવામાં આવ્યું.

### વિકસતાં શહેરોના સુઆયોજિત વિકાસ માટે છેલ્લાં ૪ વર્ષમાં ૩૧૧ ટીપી અને ૪૦ ડીપી સ્કિમોને આપી મંજૂરી

- ગુજરાતનાં નગરો-મહાનગરોના નવતર આયોજનના પ્રોજેક્ટ્સમાં આવી અભૂતપૂર્વ ગતિ.
- ODPS દ્વારા બાંધકામની તમામ પરમિશન હવે ઓનલાઇન, કચેરીઓના ધક્કા બંધ થયા અને પારદર્શકતા આવી.

### શહેરોમાં વૈશ્વિક કક્ષાનું હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરાયું

- દેશની પ્રથમ અત્યાધુનિક સૌથી મોટી હૃદયરોગની યુ.એન. મહેતા હોસ્પિટલ અમદાવાદમાં કાર્યરત.
- અમદાવાદમાં ૧૩૦૦ બેડની SVP હોસ્પિટલ બનાવી.
- રાજકોટમાં એઈમ્સનું ખાતમુહૂર્ત કરાયું.
- છેલ્લાં ૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં પ્રાથમિક આરોગ્યલક્ષી સારવાર માટે ૧૨૦ અર્બન હેલ્થ કેર સેન્ટર કાર્યરત.

### નવાં અને અતિ આધુનિક વૈશ્વિક કક્ષાનાં શહેરોનું નિર્માણ થઈ રહ્યું છે.

- ગાંધીનગર જોડે બની રહે છે ગિફ્ટ સિટી, રાજ્યનાં ૬ શહેરો બની રહ્યાં છે સ્માર્ટ સિટી.
- સ્માર્ટ સિટીસ એવોર્ડ પ્રતિયોગિતામાં ગુજરાતને ૧૩ એવોર્ડ મળ્યા.
- સેફ એન્ડ સિક્યોર ગુજરાત યોજના હેઠળ તમામ શહેરોમાં સીસીટીવી કેમેરા નેટવર્કથી આવરી લેવાયા.
- રી-યુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર : ભૂગર્ભ ગટરનાં પાણી રીસાઇકલ કરી તેનો ઉપયોગ ઉદ્યોગો, બાગબગીચા તેમજ બાંધકામ ક્ષેત્રે થઈ શકે તે માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત.

### સ્વચ્છતાની બાબતમાં ગુજરાતનાં શહેરો અગ્રેસર

- સ્વચ્છતા સર્વેક્ષણ વર્ષ ૨૦૨૦માં દેશનાં ટોપ-૧૦ સ્વચ્છ શહેરોમાં ગુજરાતનાં ૪ શહેર.
- સુરત શહેર ભારતનું બીજા નંબરનું સૌથી સ્વચ્છ શહેર.
- શહેરોમાં ડોર-ટુ-ડોર કચરાના નિકાલની વ્યવસ્થા.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev



## ફેમ ઇન્ડિયા મેગેઝીન અને એશિયા પોસ્ટ એજન્સી દ્વારા દેશભરના સાંસદોમાંથી શ્રેષ્ઠતમ કામગીરી કરતા ૨૫ સાંસદોની પસંદગી માટે વિવિધ માપદંડોથી કરેલા સંયુક્ત સર્વેમાં દેશના સૌથી પ્રભાવશાળી સાંસદ તરીકે ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી અને નવસારીના લોકપ્રિય સાંસદશ્રી સી.આર.પાટીલની પસંદગી

ફેમ ઈન્ડિયા મેગેઝીન અને એશિયા પોસ્ટ એજન્સી દ્વારા દેશભરના સાંસદોમાંથી શ્રેષ્ઠતમ કામગીરી કરતા ૨૫ સાંસદોની પસંદગી માટે વિવિધ માપદંડોથી કરેલા સંયુક્ત સર્વેમાં દેશના સૌથી પ્રભાવશાળી સાંસદ તરીકે ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી અને નવસારીના લોકપ્રિય સાંસદશ્રી સી.આર.પાટીલની પસંદગી કરવામાં આવી છે તેમજ કચ્છના ભાજપાના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાની વ્યવહારકુશળતા શ્રેણીમાં શ્રેષ્ઠ સાંસદ તરીકે પસંદગી કરવામાં આવી છે, જે રાજ્યના ભાજપાના કાર્યકર્તાઓ સહિત સમગ્ર ગુજરાતની જનતા માટે ગૌરવ લેવાની બાબત છે.

અત્રે નોંધનીય બાબત છે કે, અલગ અલગ માપદંડોના આધારે પસંદગી પામેલા દેશના ૨૫ શ્રેષ્ઠ સાંસદોની સૂચિમાંથી ૧૭ સાંસદો ભાજપાના છે. આ પરિણામો સ્પષ્ટપણે સૂચવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જનતા માટે કામ કરવામાં ભાજપાના જનપ્રતિનિધિઓ સૌથી આગળ છે, એટલે જ રાજ્ય અને દેશમાં જનતા ભાજપા પર ભરોસો કરીને વિજય અપાવી રહી છે.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે નવસારીના સાંસદ તરીકે કરેલી અભૂતપૂર્વ કામગીરીથી કોઈ અજાણ નથી, ૨૦૦૯થી તેઓ સાંસદ તરીકેની પોતાની જવાબદારીનું સુપેરે નિર્વહન કરી રહ્યા છે. પોતાના સંસદીય ક્ષેત્રના વિકાસ માટે, જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે, ડિજિટલ માધ્યમો અને ટેક્નોલોજીના ઉપયોગથી વ્યવસ્થાઓને વધુ સુદૃઢ કરવાના તેમના સફળ પ્રયત્નોનાં સકારાત્મક પરિણામો નવસારીની જનતાએ પ્રત્યક્ષ અનુભવ્યાં છે. સદંતર પોતાના મતક્ષેત્રની જનતા માટે ચિંતિત રહેતા શ્રી સી.આર.પાટીલને જનતાએ તેમની વિશિષ્ટ કાર્યપદ્ધતિથી સમર્પણના ભાવ સાથે કરેલાં જનસેવાનાં કાર્યોના પરિણામસ્વરૂપે જ ગત લોકસભા ચૂંટણીમાં દેશના ઈતિહાસમાં સૌથી વધુ લીડથી ભવ્ય વિજય અપાવ્યો છે.

શ્રી સી.આર.પાટીલ આગવી અને પ્રભાવી કાર્યશૈલીથી ભાજપા પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે, રાજ્યમાં ભાજપા સંગઠનને વધુ મજબૂત કરવાની સાથે સાથે તેમના સંસદીય ક્ષેત્ર નવસારી પર પણ તેઓ જરૂરી ધ્યાન આપીને સાંસદ તરીકેનો તેમનો ધર્મ નિભાવી રહ્યા છે. કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન તેમણે નવસારીમાં કરેલા સેવાયજ્ઞથી કોઈ ભાગ્યે જ અજાણ હશે. આજે જેમના હૈયે સદાય જનતાના હિતની વાત છે, ટેક્નોલોજીના ઉપયોગથી સરળ વ્યસ્થાપન કરીને સમયબદ્ધતા સાથે કાર્ય પરિપૂર્ણ થાય તેવું પ્લાનિંગ છે, રોડમેપના આધારે કાર્ય કરી રાજ્યના ભાજપા સંગઠનને દેશનું શ્રેષ્ઠ સંગઠન બનાવવાનું લક્ષ્ય છે, જનસેવા એ જ પ્રભુસેવા જેમનો મંત્ર છે તેવા લોકલાડીલા પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ પર ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાને ગર્વ છે.

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.